પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૬૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૩-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દેશભરમાં એમેઝોન અને ફ્લિપકાર્ટના વિરોધમાં પ્રદર્શન

## ઈ-કોમર્સમાં વિદેશી કંપનીઓના વધી રહેલા અત્યાચારના વિરોધમાં કેઈટ તરફથી આંદોલન

મુંબઈ,

ઈ-કૉમર્સમાં વિદેશી કંપનીઓના વધી રહેલા અત્યાચારના વિરોધમાં કૉન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેઈટ) તરફથી આવતી કાલે દેશભરમાં ઍમેઝૉન અને ફ્લિપકાર્ટના વિરોધમાં વેપારીઓ પ્રદર્શન કરશે. એ અંતર્ગત મહારાષ્ટ્રમાં અને મુંબઈમાં પણ મસ્જિદ બંદરમાં આવેલી ધ રીટેલ ગ્રેન ડીલર્સ કો-ઑપરેટિવ સોસાયટી લિમિટેડની ઑફિસની બહાર વિરોધ-પ્રદર્શન કરવામાં આવશે. ભાતબજારમાં આયોજિત આ પ્રદર્શનમાં હોળીના



તહેવારના દિવસે વિદેશી કંપનીઓનાં પૂતળાં બાળવામાં આવશે. મહારાષ્ટ્રભરમાં કેઈટના વેપારી-સભ્યો આવતી કાલે વિદેશી કંપનીઓના વિરોધમાં ૧૦૦ પૂતળાં બાળશે.

આ બાબતની માહિતી આપતાં કેઈટના મુંબઈ વિભાગના ચૅરમૅન રમણીક છેડાએ 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'અમે છેલ્લાં પાંચ વર્ષથી દરેક હોળીના તહેવારના દિવસે વિદેશી કંપનીઓનાં પૂતળાંનું દહન કરીને અમારો વિરોધ દર્શાવીએ છીએ. ઈ-કૉમર્સ કંપનીઓને કારણે રીટેલ અને હોલસેલ વેપારીઓના બિઝનેસ પર બહુ ખરાબ અસર પડી છે. એમાં પણ ખાસ કરીને મોબાઈલ, મોબાઈલ ઍક્સેસરીઝ, કરિયાણાં, મસાલા, એફએમસીજી પ્રોડક્ટ્સ, ગિફ્ટનો સામાન, રેડિમેડ ગાર્મેન્ટ્સ, ફુટવેઅર, ચશ્માં, ઘડિયાળ, દવાઓ અને ફાર્મસી, ઈલેક્ટ્રૉનિક્સ, ફર્નિચર, હોમ ફર્નિશિંગ, રમકડાં, શાકભાજી અને ડ્રાયફ્રૂટ્સ, ખાવા-પીવાનો સામાન, કિચન ઈક્વિપમેન્ટ્સ, ?બિલ્ડિંગ હાર્ડવેર, ઑફિસ ઈક્વિપમેન્ટ્સ, સ્ટેશનરી, કાગળ, ઈલેક્ટ્રિકલનો સામાન મુખ્ય છે.

સરકાર સાથે અનેક વાર આ મુદ્દે ચર્ચા-વિચારણા કરીને માગણી કર્યા પછી પણ સરકાર આ મુદ્દે હજી ગંભીર નથી એટલે અમારે અવારનવાર નાછૂટકે આંદોલન કરવાની ફરજ પડે છે. ઑનલાઈન વિદેશી કંપનીઓ ખુલ્લેઆમ ભારતના કાયદાનો ભંગ કરતી હોવા છતાં સરકાર ભારતના વેપારીઓને ન્યાય મળે એવી કાર્યવાહી કરતી નથી. આ જ પરિસ્થિતિ રહી તો ભવિષ્યમાં નાના વેપારીઓ અને તેમના કર્મચારીઓ રોડ પર આવી જશે, જેના માટે સરકાર જ જવાબદાર ગણાશે.'

જો સરકાર આ વાતને ગંભીરતાથી લઈને એના પર અને અમારી માગણી પર ધ્યાન નહીં આપે તો એ દિવસ દૂર નથી જ્યારે દેશના રીટેલ બિઝનેસનો એક મોટો હિસ્સો વિદેશી કંપનીઓના હાથમાં જતો રહ્યો હશે એમ જણાવીને કેઈટના મુંબઈના અધ્યક્ષ દિલીપ મહેશ્વરીએ કહ્યું હતું કે 'સરકારે ઈ-કૉમર્સ વેપાર પર નજર રાખવા માટે અને તેઓ કાયદાનું ઉલ્લંઘન કરે છે કે નહીં એના અભ્યાસ માટે સેબી અને ટ્રાઈ જેવી અધિકૃત રેગ્યુલેટરી ઑથોરિટીની રચના કરવી જોઈએ. ત્યારે સરકાર વિદેશી ઈ-કૉમર્સ કંપનીઓની મનમાની રોકવામાં સફળ થશે. આ કંપનીઓ ભારતનાં અનેક ક્ષેત્રોની કંપનીઓના બિઝનેસ પર તરાપ મારી રહી છે.'

અમે છેલ્લાં પાંચ વર્ષથી વિદેશી કંપનીઓની સામે આંદોલન કરી રહ્યા છીએ એમ જણાવીને મહારાષ્ટ્રના કેઈટના મહામંત્રી શંકર ઠક્કરે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'સરકાર આ મુદ્દે ઢીલાશ દર્શાવતી હોવાથી આ કંપનીઓને મોકો મળે છે. અમે ઍમેઝૉન અને ફ્લિપકાર્ટ જેવી વિદેશી કંપનીઓને કર્ણાટક હાઈ કોર્ટ, રાજસ્થાન હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં માત આપી છે. આ સિવાય કૉમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયા દ્વારા આ કંપનીઓને ૨૦૨ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આમ છતાં સરકારે નક્કર પગલાં લીધાં નથી, જેને કારણે આ કંપનીઓ બિન્દાસ ભારતના ગ્રાહક કાયદાઓનું ઉલ્લંઘન કરીને આપણા નાના વેપારીઓને બરબાદ કરવાનું કામ કરી રહી છે.'

## બોગસ PSI ભરતી મામલે મોટી કાર્યવાહી, ૪ ADI અને ૨ PIને સસ્પેન્ડ કરાયા

અમદાવાદ,

બોગસ પીએસઆઇ મયુર તડવી ભરતી મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસમાં ૪ એડીઆઇ અને ૨ પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગાંધીનગરના કરાઈ ખાતે પીએસઆઈની તાલીમ લેતા ડમી ઉમેદવાર મયૂર તડવીને ઝડપી લેવાયો હતો. મયૂર તડવી પર દસ્તાવેજોમાં છેડછાડ કરીને કરાઈ ખાતે પીએસઆઈની તાલીમ લેવાનો આરોપ છે. મયૂરે ભરૂચના વિશાલ રાઠવાના સ્થાને પોતાનું નામ યાદીમાં ઉમેર્યું હોવાનું સામે આવ્યું હતું.

૨ માર્ચના રોજ પીએસઆઈ ભરતી કૌભાંડના આરોપી મયુર તડવીને રિમાન્ડ પર મોકલાયો હતો. ગાંધીનગર કોર્ટે આરોપી મયુર તડવીના આઠ દિવસના એટલે કે ૧૦ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટે બંને પક્ષની બેદરકારી હોવાની પણ ટકોર કરી હતી. આરોપી મયુર તડવીને કોર્ટમાં રજૂ કરી પોલીસે ૧૫ કારણો સાથે ૧૪ દિવસના રિમાન્ડની માગ કરી હતી, પરંતુ કોર્ટે બંને પક્ષની દલીલ સાંભળી આઠ દિવસના રિમાન્ડ માન્ય રાખ્યાં હતા.

અત્યાર સુધીની પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મયુર તડવીએ મિત્ર પાસેથી સોશિયલ મીડિયા થકી લેટર મેળવ્યો હતો અને ત્યારબાદ માતા-પિતાને ખુશ કરવા લેટરને મોબાઈલમાં પીડીએફમાં એડિટ કરી પોતાનું નામ ઉમેર્યું હતું. એટલું જ નહીં મયુર પાસેથી પોલીસ યુનિફોર્મ અને સ્ટાર મળી આવ્યાં છે. કરાઈ સુધી પહોંચવામાં કોઈ રાજકીય સંડોવણી કે રાજકીય સપોર્ટ છે કે નહીં તેની તપાસ પણ જરૂરી છે.

૮ દિવસના રિમાન્ડ દરમિયાન પોલીસ મયુર તડવી સવા મહિનો કરાઈ એકેડમીમાં રહેલો હોવાથી તેની પાસે કરાઈની કોઇ ગુપ્ત વિગત છે કે નહીં. બહાર કોઈને પોલીસની ઓળખ આપી છે કે કેમ તે દિશામાં પોલીસ તપાસ કરશે. એટલું જ નહીં મયુર તડવીના ચારથી પાંચ બેંક એકાઉન્ટની પણ તપાસ થશે.

ભેજાબાજ મયૂર તડવી તડવીએ ભરૂચના વિશાલ રાઠવાના નામ ઉપર પોતાનું નામ એડિટ કરીને મયુર લાલજીભાઈ તડવી લખી દીધું હતું. તેમજ નકલી દસ્તાવેજો લઈને તેમજ કોલ લેટર લઈને કરાઈ એકેડમીમાં પહોંચી ગયો હતો અને તાલીમ લેવા લાગ્યો હતો. મયુર તડવી વેરિફિકેશન દરમિયાન ઝડપાઈ જતા ડીઆઈજી અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ તેની પૂછપરછ હાથ ધરી છે.


ભરુચ જિલ્લાના ઉમેદવાર તેરસિંગભાઈ રાઠવાના સ્થાને મયૂર તડવીએ પોતાનું નામ યાદીમાં ઉમેરી દીધું હતું. વિશાલના પિતા તેરસિંગભાઈ રાઠવા ભરૂચના એસપી ઓફિસ ખાતે ફરજ બજાવે છે. સામાન્ય પરિવારમાંથી આવતા વિશાલના નામે મયુર તડ઼વીએ છેતરપિંડી કરીને કરાઈમાં પ્રવેશ મેળવી લીધો હતો.

કૌભાંડમાં જે યુવાનના નામે બોગસ ઓર્ડર બનાવાયો હતો તે વિશાલ રાઠવાના ભાઈ જયપાલ રાઠવાએ જણાવ્યું હતું કે અમે તપાસમાં કોઈપણ સ્તરે સહકાર આપવા તૈયાર છે. પ્રકાશમાં આવેલું કૌભાંડ સરકારી નોકરી અને દેશસેવા માટે લાયક ઉમેદવારોના હક્ક ઉપર તરાપ સમાન છે.

## કપિલ સબ્બલ દેશમાં અન્યાયથી લડવા માટે વકીલોની સાથે મળી અભિયાન ચલાવશે

નવીદિલ્હી,

રાજયસભાના સભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વની કેન્દ્ર સરકારના કાર્યકાળમાં દેશમાં મોજુદ અન્યાયથી લડવા માટે એક નવા મંચની જાહેરાત કરી છે અને આ કામમાં બિન ભાજપાઈ મુખ્યમંત્રીઓ અને નેતાઓ સહિત તમામને તેમને સહયોગ કરવાની અપીલ કરી છે.સિબ્બલે અહીં પત્રકારો સાથેની વાતચીત કરતા કહ્યું કે તે ન્યાયની વિરૂધ્ધ લડાઈમાં લોકોની મદદ કરવા માટે ઈસાફ મંચ અને ઈસાફના સિપાહી નામની વેબસાઈટ શરૂ કરી રહ્યાં છે અને આ પહેલમાં વકીલ મુખ્ય ભૂમિકા નિભાવશે તેમણે કહ્યું કે તે ૧૧ માર્ચે જંતર



બેઠક કરશે અને ભારત માટે દ્રષ્ટિકોણ રજુ કરશે

સિબ્બલે કહ્યું કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિરોધ પક્ષના નેતાઓ અને સામાન્ય લોકો સહિત તમામને ખુલ્લુ આમંત્રણ છે.તેમણે પોતાની પહેલ માટે બિન ભાજપાઈ મુખ્યમંત્રી અને નેતાઓથી સમર્થન આપવાની વિનંતી કરી.તેમણે કહ્યું કે આ રાષ્ટ્રીય સ્તરનું એક મંચ હશે જેમાં વકીલ સૌથી આગળ હશે.આરએસએસની શાખા પણ દરેક વિસ્તારમાં પોતાની વિચારધારાનો પ્રસાર કરી રહી છે જે અન્યાયને જન્મ આપે છે.અમે તે અન્યાયથી પણ લડીશું.વરિષ્ઠ વકીલે તેને લોકોનો મંચ બતાવ્યો અને એ અટકળોને રદ કરી દીધી છે કે તે કોઈ રાજનીતિક પક્ષની શરૂઆત કરી રહ્યાં છે.

તેમણે એ પણ કહ્યું કે વડાપ્રધાન મોદી બધા કામ ખોટા કરી રહ્યાં નથી ડિઝિટલાઈજેશન,આવાસ યોજના સારી યોજના છે પરંતુ જયાં અન્યાય હશે તેમની વિરૂધ્ધ લડવાની જરૂરત છે સિબ્બલે સ્પષ્ટ કર્યુ કે તે રાજનીતિક પક્ષ બનાવી રહ્યાં નથી તેમણે કહ્યું કે આ દેશના લોકો માટે છે મને લાગે છે કે મોદી પણ તેનો વિરોધ કરશે નહીં જો કે તેમણે કટાક્ષ કરતા કહ્યું કે વડાપ્રધાન મોદીનો વિરોધ કરવા માટે બેઠા નથી પરંતુ તેમને સુધારી દેશે.આ પહેલા તેમણે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાની પ્રશંસા કરતા કહ્યું હતું કે રાહુલ ગાંધી સમાજના અલગ અલગ તત્વોને એક સાથે લાવવામાં સફળ રહ્યાં છે અને તેમને એ અહેસાસ અપાવ્યો છે કે દેશમાં એકતા કેટલી જરૂરી છે. જો કે સિબ્બલ ગત વર્ષ કોંગ્રેસ છોડી સમાજવાદી પાર્ટીમાં સામેલ થયા હતાં અને સપાએ તેમને રાજયસભાના સભ્ય બનાવ્યા હતાં.

## દેશનું અપમાન તો PM મોદી જ કરે છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર વિદેશી ધરતી પર પીએમ મોદી સામે આકરા પ્રહાર કર્યા હતા. તેની સાથે જ તેમણે ભારતને બદનામ કરવાના ભાજપના આક્ષેપો સામે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે ખુદ મોદી જ કહે છે કે દેશમાં છેલ્લા ૬૦-૭૦ વર્ષોમાં કંઈ થયું જ નથી. તેમણે આ ટિપ્પણી કરીને દરેક ભારતીય અને મારા દાદા-દાદીનું અપમાન કર્યું છે. ભારતે એક દાયકો ગુમાવી દીધો છે.

રાહુલ ગાંધીએ લંડનમાં ઈન્ડિયન જર્નાલિસ્ટ એસોસિએશનના કાર્યક્રમમાં ભાજપના એ આરોપો સામે વળતા પ્રહાર કર્યા હતા જેમાં તેમના પર ભારતને બદનામ કરવાના આક્ષેપો કરાયા હતા. આટલું જ નહીં આ દરમિયાન રાહુલ ગાંધીએ તેમની ભારત જોડો યાત્રાની તુલના ત્રણ દાયકા જૂની ભાજપની રથયાત્રા સાથે કરી હતી. તેમણે કહ્યું કે ભાજપે રથયાત્રા કાઢી હતી. એક અંતર છે. એ યાત્રાનું કેન્દ્ર એક રથ હતું જે રાજાનો પ્રતીક છે. અમારું રથ લોકોને એકજુટ કરી રહ્યું હતું અને ગળે લગાવી રહ્યું હતું.

રાહુલે એમ પણ કહ્યું કે આરએસએસ અને ભાજપને હરાવવાની જરૂરિયાત લોકોના મનમાં ઊંડે સુધી ફેલાઈ ગઈ છે. ભારત જોડો દરમિયાન અનેક દ્દષ્ટિકોણ હતા. આ યાત્રામાં ખૂબ અંડર કરંટ હતું. અમે સંસ્થાગત માળખાથી લડી રહ્યા છીએ. આરએસએસ અને ભાજપે એ સંસ્થાનો પર કબજો કરી લીધો છે જે તટસ્થ રહેવા જોઈએ.

રાહુલને જ્યારે સવાલ કરાયો કે શું તમે આગામી પીએમ ઉમેદવાર બનશો? તેના પર તેમણે કહ્યું કે હાલ આ મુદ્દે કોઈ ચર્ચા થઈ નથી. સેન્ટ્રલ આઈડિયા ભાજપ અને આરએસએસનો હરાવવાનો છે. તેમણે કહ્યું કે કેમ્બ્રિજમાં હું જે કંઈ બોલ્યો તેમાં ખોટું કંઈ જ નથી. ભાજપને વસ્તુઓને મારી મચડીને રજૂ કરવાની આદત છે.

## ઉત્તરાખંડમાં ૨૧ મિનિટમાં એક પછી એક ભૂકંપના ત્રણ આંચકા, લોકોમાં ભયનો માહોલ

દહેરાદુન,

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં શનિવારની રાત્રે ત્રણ ભૂંકપના આંચકા આવ્યા હતાં.આંચકા આવતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. હાલમાં જાનમાલનું નુકસાન થયું હોવાના કોઈ સમાચાર નથી. પહેલો આંચકો ૧૨:૪૦, બીજો આંચકો ૧૨:૪૫ અને ત્રીજો આંચકો ૦૧:૦૧ પર આવ્યો હતો.

એક સ્થાનિક રહેવાસીએ જણાવ્યું હતું કે, અચાનક બારી-દરવાજાનો જોરદાર ધડાકો થયો અને આ સાથે જ રસોડામાં રાખેલા કેટલાક વાસણો પણ પડી ગયા હતા. એક બાદ એક સતત ત્રણ ભૂકંપના આંચકાના કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે. લોકો લાંબા સમય સુધી ઘરોની બહાર રહ્યા હતા

ભારતીય હવામાન વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, બપોરે ૧૨:૪૫ કલાકે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૫ હતી. જેનું કેન્દ્ર ભટવાડી તહેસીલ હેઠળના સિરોરના જંગલમાં જણાવવામાં આવી રહ્યું છે. ભૂકંપના કારણે ક્યાંય પણ નુકસાનના સમાચાર નથી. આવા સમયે જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

## કર્ણાટકના શિક્ષણમંત્રીએ લીધો એવો નિર્ણય કે જેનાથી હિજાબનો મુદ્દો ફરી ગરમાઈ શકે

બેંગ્લુરૂ,

કર્ણાટકમાં હિજાબનો મુદ્દો ફરી એકવાર ગરમાઈ શકે છે. શિક્ષણમંત્રી બી.સી.નાગેશે કહ્યું કે હિજાબ પહેરતી વિદ્યાર્થિનીઓને ૯ માર્ચથી શરૂ થતા બીજા પ્રી-યુનિવર્સિટી કોર્સ(પીયુસી)ની પરીક્ષામાં બેસવા નહીં દેવામાં આવે. તેમણે કહ્યું કે ગત વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ સ્કૂલ ડ્રેસ પહેરીને જ આવવું પડશે.

હિજાબ પહેરતી વિદ્યાર્થિનીઓને પરીક્ષામાં બેસવાની મંજૂરી નહીં મળે. નિયમોનું પાલન બધાએ કરવું પડશે. શિક્ષણ સંસ્થાન અને સરકાર નિર્ધારિત નિયમો અનુસાર જ કામ કરશે. શિક્ષણમંત્રીએ કહ્યું કે હિજાબ પર પ્રતિબંધ મૂકાયા બાદથી પરીક્ષામાં બેસતી મુસ્લિમ વિદ્યાર્થિનીઓની સંખ્યામાં સુધારો થયો છે. જોકે તેમણે પોતાના દાવા સાબિત કરવા માટે કોઈ સચોટ આંકડો જણાવ્યો નહોતો.


મંત્રીએ કહ્યું કે હિજાબ પર પ્રતિબંધ પછી વધારે મુસ્લિમ વિદ્યાર્થિનીઓ પરીક્ષામાં સામેલ થઈ હતી. હવે આ સંખ્યામાં મોટો વધારો નોંધાયો છે. અમારા આંકડા જણાવે છે કે હિજાબ કેસ બાદ પરીક્ષા આપનારી મુસ્લિમ વિદ્યાર્થિનીઓની સંખ્યા અને તેમના નોમિનેશનના પ્રમાણમાં વધારો નોંધાયો છે.

જયારે સુપ્રીમકોર્ટે શુક્રવારે કર્ણાટકમાં સરકારી સંસ્થાનોને વિદ્યાર્થિનીઓના હિજાબ પહેરી પરીક્ષા આપવાની મંજૂરી આપવાનો નિર્દેશ આપવાની માગ કરતી અરજીઓને તાત્કાલિક લિસ્ટેડ કરવાની માગને ફગાવી દીધી હતી. ભારતના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની બેન્ચે કહ્યું કે તેના માટે હોળી બાદ એક બેન્ચની રચના કરાશે.

## ભારત G20 માં ગ્લોબલ સાઉથનો અવાજ ઉઠાવી રહ્યું છે : નિર્મલા સીતારમન

નવીદિલ્હી,

વૈશ્વિક પડકારો વચ્ચે, ભારત વિશ્વભરમાં રોકાણ માટે આકર્ષક સ્થળ છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમનને આનું કારણ પૂછવામાં આવ્યું તો સ્પષ્ટ કહ્યું કે, ઘણી સારી વસ્તુઓનો અનોખો સંગમ ભારતને રોકાણનું લોકપ્રિય સ્થળ બનાવે છે. નિર્મલા સીતારમને કહ્યું કે, ભારત રોકાણ આકર્ષવા માટે એક લોકપ્રિય સ્થળ બની ગયું છે. તેનું કારણ એ છે કે અહીં કંપનીઓને કુશળ યુવા શક્તિ અને ઝડપથી વિકસતું સ્થાનિક બજાર મળે છે. વૈશ્વિક પડકારો વચ્ચે, ભારતમાં 'ઘણી વસ્તુઓનો યોગ્ય સંગમ' છે. રાયસિના ડાયલોગમાં વાતચીત દરમિયાન તેમની ટિપ્પણીમાં, નિર્મલા સીતારમને એમ પણ કહ્યું કે, ભારતમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જે ખાનગી ક્ષેત્ર માટે ઉપલબ્ધ ન હોય અને વિપક્ષની ટીકાને નકારી કાઢી કે સરકાર જાહેર સંપત્તિ વેચાણાર્થે કાઢી છે. તેમણે કહ્યું કે ભારત G20માં ગ્લોબલ સાઉથનો



અવાજ બની રહ્યું છે. નિર્મલા સીતારમને જણાવ્યું હતું કે, સુપ્રશિક્ષિત યુવાઓ, મધ્યમ વર્ગને કેપ્ટિવ માર્કેટ આપવો, ટેક્નોલોજી આધારિત રોકાણ અને જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારતના સતત વિકાસના કારણોમાં સામેલ છે. ક્લાયમેટ ફાઈનાન્સનો ઉલ્લેખ કરતા સીતારમને કહ્યું કે, અનુકૂલન અને શમન બંને પર ચર્ચા કરવાની જરૂર છે. ગ્લોબલ સાઉથ અને તેમની જરૂરિયાતો પર ચર્ચા કરવા માટે વધુ તૈયારી કરી રહ્યા છીએ. સરકારના આત્મનિર્ભર ભારતનો ઉલ્લેખ કરતાં, તેમણે કહ્યું કે તે સંરક્ષણવાદી વ્યવસ્થામાં માનતા નથી.

## લગ્ન ગ્રંથીથી જોડાયા છીએ

આથી અમો રાવલ ધર્મેશકુમાર વાલસીંગભાઈ મોજે ગામઃ ૨/૬૪૭ અંકલેશ્વર મહાદેવ રોડ, ભોઈવાડા, ગોધરા, જી.પંચમહાલ તથા અમીષાબેન વિજયભાઈ જનોડીયા મોજે ગામઃ ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ નાઓ અમારી રાજી ખુશીથી



એકબીજાની પરસ્પર સંમતિથી લગ્ન ગ્રંથીથી જોડાયેલા છીએ. જે અમો તા.૨૪/૧૨/૨૦૨૧ નારોજ દેવતલાવ સોમનાથ મંદિર, અમદાવાદ હાઈવે, ગોધરા સ્થળે વિધિપૂર્વક લગ્ન કરેલ છે અને ગુજરાત લગ્ન-નોંધણીમાં રજીસ્ટરના ભાગ ક્રમ નં.૭૨૦ થી કરાવેલ છે. જે અમો જાહેર કરીએ છીએ.


### સિસોદિયા મામલે વિપક્ષના ૯ નેતાઓએ વડાપ્રધાનને પત્ર લખ્યો

## મનિષ સિસોદિયાની ધરપકડે દર્શાવ્યું કે આપણે લોકશાહીમાંથી સરમુખત્યારશાહીમાં આવી ગયા છીએ

નવીદિલ્હી,

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ બાબતે વિપક્ષના ૯ નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. આ નેતાઓમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ સામેલ છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે મનીષ સિસોદિયાની ધરપકડ દર્શાવે છે કે ભારત એક લોકતાંત્રિક દેશમાંથી સરમુખત્યારશાહી શાસનમાં ફેરવાઈ ગયો છે.ખરેખરમાં, શનિવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં સિસોદિયાને હાજર કરવામાં આવ્યા હતા. અહીં તેમની જામીન અરજી બાબતે સુનાવણી થવાની હતી, પરંતુ કોર્ટે ૧૦ માર્ચ સુધી જામીન પર ચુકાદો સુરક્ષિત રાખ્યો અને સીબીઆઈને તેમના વધુ ૨ દિવસના રિમાન્ડ આપ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જેમણે પત્ર લખ્યો છે તેમાં બંગાળના મુખ્યમંત્રી



મમતા બેનર્જી, દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ, બીઆરએસ ચીફ ચન્દ્રશેખ રાવ, પંજાબના સીએમ ભગવંત માન, રાજદ નેતા તેજસ્વી યાદવ, નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા, રાકાંપા ચીફ શરદ યાદવ, શિવસેના ઠાકરે ગ્રુપના ચીફ ઉદવ ઠાકરે, સપા ચીફ અખિલેશ યાદવનો સમાવેશ થાય છે.

વડાપ્રધાનને લખેલો સંપૂર્ણ પત્ર...

આદરણીય વડાપ્રધાનજી, અમને ભરોસો છે કે તમે હજી પણ અનુભવો છો કે ભારત એક લોકશાહી દેશ છે. વિપક્ષી નેતાઓ સામે કેન્દ્રીય એજન્સીઓનો મનસ્વી ઉપયોગ તે દર્શાવે છે કે આપણે લોકશાહીમાંથી સરમુખત્યારશાહીમાં ફેરવાઈ ગયા છીએ. લાંબી તપાસ બાદ મનીષ સિસોદિયાની સીબીઆઈ દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.ગેરરીતિના કથિત આરોપમાં આ ધરપકડ કરવામાં આવી હતી અને તે પણ કોઈ પુરાવા દર્શાવ્યા વિના.

સિસોદિયાજી પર લાગેલા આરોપો સંપૂર્ણપણે પાયાવિહોણા છે. આ રાજકીય ષડયંત્ર હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી છે. આ ધરપકડથી રાષ્ટ્રની જનતામાં રોષ ફેલાઈ ગયો છે. મનીષ સિસોદિયા દિલ્હીના શાળા શિક્ષણમાં બદલાવ માટે વિશ્વભરમાં જાણીતી છે. બદલાની ભાવના સાથે તેમની ધરપકડને દુનિયાભરમાં રાજકીય કાર્યવાહીને ઉદાહરણ તરીકે જોવામાં આવી રહી છે. આ વાત એ બાબતની પણ પુષ્ટિ કરી રહી છે કે આખું વિશ્વ જે અંગે આશંકિત છે કે ભાજપના સરમુખત્યારશાહી શાસન દરમિયાન ભારતના તમારા શાસનમાં ૨૦૧૪થી અત્યાર સુધી ધરપકડ કરાયેલ, દરોડા અથવા પૂછપરછ કરાયેલ મોટાભાગના રાજકારણીઓ વિપક્ષના નેતાઓ છે. રસપ્રદ વાત એ છે કે તે નેતાઓ સામે કેન્દ્રીય એજન્સીઓની તપાસ ધીમી પડી જાય છે જેઓ બાદમાં ભાજપમાં જોડાઈ જાય છે. ઉદાહરણ તરીકે, કોંગ્રેસના પૂર્વ નેતા અને આસામના વર્તમાન સીએમ હેમંત બિસ્વા સરમા. સીબીઆઈ અને ઈડીએ ૨૦૧૪-૨૦૧૫માં શારદા ચિટ ફંડ કૌભાંડમાં તેમની સામે તપાસ શરૂ કરી હતી. જોકે, તેઓ ભાજપમાં જોડાયા ત્યારથી કેસ આગળ વધ્યો નથી.

એ જ રીતે, તૃણમૂલ નેતા શુભેન્દુ અધિકારી અને મુકુલ રોય નારદા સ્ટિંગ ઓપરેશન કેસમાં ઈડી અને સીબીઆઈના રડાર પર હતા. વિધાનસભાની ચૂંટણી પહેલા આ લોકો ભાજપમાં જોડાયા અને ત્યારથી આ કેસમાં કોઈ ખાસ તપાસ કરવામાં આવી નથી. મહારાષ્ટ્રના નારાયણ રાણેનો કેસ જુઓ. આવા અનેક ઉદાહરણો છે. ૨૦૧૪થી વિપક્ષી પાર્ટીઓના નેતાઓ પર દરોડા, તેમની સામેના કેસ અને તેમની ધરપકડમાં વધારો થયો છે. રાષ્ટ્રીય જનતા દળના લાલુ પ્રસાદ યાદવ હોય, શિવસેનાના સંજય રાઉત હોય, સમાજવાદી પાર્ટીના આઝમ ખાન હોય, એનસીપીના નવાબ મલિક અને અનિલ દેશમુખ હોય કે પછી તૃણમૂલના કોંગ્રેસના અભિષેક બેનર્જી હોય, આ બધા નેતાઓ સામે તપાસ એજન્સીઓ દ્વારા જે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે તે સંદેશ આપે છે કે તેઓ કેન્દ્ર સરકારના કહેવાથી આ કાર્યવાહી કરી રહી છે.

વિપક્ષના દિગ્ગજ નેતાઓને જે રીતે ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે એ આરોપને સમર્થન આપે છે કે તમારી સરકાર તપાસ એજન્સીઓની મદદ લઈને વિપક્ષને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. ઈડી એકમાત્ર એવી નથી જેમાં તમારી સરકાર પર એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ છે. તે સ્પષ્ટ છે કે આ એજન્સીઓની પ્રાથમિકતાઓ ખોટી છે. ઈન્ટરનેશનલ ફોરેન્સિક ફાઈનાન્સિયલ રિસર્ચ રિપોર્ટ પછી એસબીઆઈ અને એલઆઈસી એક કંપનીને કારણે તેમના શેરને માર્કેટ કેપિટલાઈઝેશનમાં રૂ. ૭૮ હજાર કરોડથી વધુનું નુકસાન થયું છે. શા માટે આ એજન્સીઓને આ કંપનીની આર્થિક બાબતોની તપાસ કરવા માટે લગાવવામાં આવી નથી, જયારે જનતાના નાણાનું આ કંપનીઓમાં રોકાણ છે?

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# એટ્રોસીટીનો આરોપી બાલાસિનોરના MLAની ઓફીસમાં યુવા મોરચાની મિટિંગમાં હજાર જોવા મળતા મહીસાગર પોલીસ ઉંઘતી ઝડપાઇ



લુણાવાડા,

લુણાવાડા તાલુકાના કણજાવ ગામના રહેવાસી નરેશભાઈ પરમાર લાલસર ચોકડી પાસે હોટલમાં વેપાર ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ સાંજના સમયે તેમના મિત્ર વિપુલ પટેલ, તુષાર પટેલ, રાહુલસિંહ રાઠોડ, લાલસર ખાતે હોટલ ઉપર હાજર હતા તે દરમ્યાન ઉચરપી આધેલી ગામના કલ્પેશ ઉર્ફે ભોદીયો ગલાભાઈ નાઓ તેઓના મો.નં ઉપરથી નરેશભાઈના મોબાઈલ નં ઉપર ફોન કરી મને જણાવેલ કે હું અગાઉ દારૂનો ધંધો કરતો હતો. તે કેમ બંધ કરાવેલ તેમ કહેતા નરેશભાઈએ જણાવેલ કે મારે તારાથી કોઈ લેવા દેવા નથી, તેમ કહેતા તે ફોન ઉપર તેઓને માં-બેન સમાણી ગાળો બોલી સાલા ઢેડા ચામડીયા તું મને બહુ નડે છે તેમ જણાવેલ જેથી થોડીવાર પછી આ કલ્પેશભાઈના પિતા ગલાભાઈ મણીભાઈ નાઓને મે ફોન કરી ઉપરોક્ત ઝઘડા બાબતે વાત કરતા તેઓએ મને જણાવેલ કે હું થોડીજ વારમાં લાલસર આવું છું, તેમ કહી આ ગલાભાઈ મણીભાઈનાઓ મારી હોટલ ઉપર આવેલા અને તેઓ સાથે વાતચીત ચાલતી હતી. તેવામાં આ કલ્પેશભાઈ ઉર્ફે ભોદીયો ગલાભાઈનું ઉપરાણુ લઈ તેના મિત્ર જયદીપસિંહ અમરસિંહ ચૌહાણ રહે. ઓધવજી નામુવાડા તાબે દેવ તા. બાલાસિનોર તથા મનીષભાઈ જગદીશભાઈ મહેરા રહે.કંથરજીના મુવાડા તા.બાલાસિનોર તથા કુમાર ગોપાલભાઈ ભોઈ રહે.ભોઈવાડા બાલાસિનોર આ ત્રણેય જણા આ કલ્પેશ સાથે અવાર નવાર અમારી હોટલે ચા-નાસ્તો કરવા આવતા હોય જેથી હું તેઓને ઓળખું છું. જેઓ ત્રણેય જણા ફરિયાદી નરેશને કહેવા લાગેલ કે જો આ કલ્પેશે તને મોબાઈલ ઉપર જે તારી જ્ઞાતિ વિશે અપમાન જનક શબ્દો બોલેલ છે, તે બાબતે સાલા ઢેડા તું કોઈ ફરીયાદ કરીશ તો તને જાનથી મારી નાખીશુ તેમ કહી જયદીપસિંહ અમરસિંહ ચૌહાણ નાઓએ તેના હાથમાંનો લાકડાના ડંડાની ઝાપોટ મને બરડામાં મારી દીધેલ અને ત્રણેય જણાએ મારી સાથે ઝપાઝપી કરી ગડદાપટુનો માર મારતા હતા. તેવામાં મારા મિત્ર વિપુલભાઈ તથા અમારી હોટલના નોકરો આવી જતા આ ત્રણેય જતા રહેલ. જે બાબતે કોઠંબામા પોલીસ મથકે જ ઈસમો દ્વારા એટ્રોસીટી એક્ટ ગુનો નોંધવામાં આવ્યો હતો પરંતુ ગુનો નોંધ્યાને ૨૦ દિવસ પછી આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી નથી અને આરોપી મનીષ મહેરા બીજેપીના યુવા મોરચાના પ્રમુખની હાજરીમાં બાલાસિનોર MLAના કાર્યાલય ખાતે યોજાનાર કાર્યક્રમાં હજાર રહેતા પોલીસ રાજકીય દબાણમાં હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

# મહિસાગર જીલ્લામાં વાતાવરણમાં પલ્ટા સાથે કમોસમી વરસાદ પડતાં ખેડુતો ચિંતીત


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

રાજય ભરમાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે મહીસાગર જિલ્લામાં વાતાવરણમાં આવ્યો અચાનક પલ્ટો જોવા મળ્યો હતો. અરબી સમુદ્રમાં ઉપજેલ લો પ્રેશર તથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વાતાવરણમાં પલ્ટો આવતા વહેલી સવારથી ધીમી ધારે વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ચિંતાની મોંજું ફરી વળ્યું હતું.રાજયમાં ઉનાળાના વિધિવત પ્રારંભ સાથે જ ચોમાસાના એંધાણ વર્તાઈ રહ્યાં છે. કારણ કે કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં ઉનાળાની સાથે જાણે ચોમાસાની સિઝન શરૂ થઈ હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ દરમિયાન અરબી સમુદ્રમાં ઉપજેલ લો પ્રેશર તથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વાતાવરણમાં પલ્ટો આવતા વહેલી સવારથી જ મહીસાગરમાં ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. મધ્ય-દક્ષિણ ગુજરાત તેમજ મહીસાગર જીલ્લામાં કમોસમી વરસાદ (માવઠું) થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ચોથી માર્ચ થી છ માર્ચ દરમ્યાન અચાનક હવામાનમાં પલટો થતા કમોસમી વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ત્યારે આગાહી મુજબજ મહીસાગર જિલ્લામાં કમોસમી વરસાદ શરૂ થઈ ચૂક્યો છે. આજે વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ અને વીજળીના કડાકા સાથે જિલ્લામાં ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. મહીસાગર જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ થતા ખેતરમાં ઊભા પાક જેવા કે દિવેલા, કપાસ, રાઈ, ચણા, ઘઉં, મકાઇ, શાકભાજી વગેરેને ભારે નુકશાનની ભીતિ સેવાઈ રહી છે.

મોસમી વરસાદના કારણે ખેડુતોની હોડી બગડી ખેડૂતોનને પડતા પર પાટું જેવા હાલ જોવા મળી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં વરસાદી માહોલથી ખેડુતોને ભારે નુકસાન જોવા મળી રહ્યું છે. વીજળીના કડાકા ભડાકા સાથે માવઠારૂપી વરસાદથી જગતનો તાત ચિંતિત બન્યો. વરસાદથી ઘાસ ચારો બગડતો હોવાથી ખેડૂતો તેમને બચાવવાનો પ્રયાસ ચોમાસાની જેમજ વરસાદી માહોલ જામતા ધરતી પુત્રો ચીંતા તૂર બન્યા છે.

# બાલાસિનોર તાલુકાની એક પછી એક પ્રાથમિક શાળામાં આચાર્યના કારનામા




અમુક વાલીઓ મારો સંપર્ક કરતા જણાવેલ કે અમુક બાળકોને અનાજ મળ્યું છે અને અમારા બાળકોને અનાજ મળ્યું નથી તેમ કહેતા મેં તેમને મુખ્ય શિક્ષકનો સંપર્ક કરવા જણાવેલ અને ૫:૦૦ વાગ્યા પછી સ્કૂલમાં શું રમત રમાય છે તેની મને ખબર નથી પરંતુ મને જતા બીજા દિવસે મેં રૂમમાં તપાસ કરતા અનાજનો સ્ટોક જોવા મળેલ ન હતો.

**: પરમાર સોમાભાઈ મદદનીશ, શિક્ષક...**

આ આક્ષેપો ખોટા છે અમે અનાજ વિતરણ કરેલ છે જેને નથી મળ્યું એ અમારી પાસે સ્ટોક છે અમે વહેંચીશું.

**: દીપક કુમાર નાથાભાઈ પટેલ, મુખ્ય શિક્ષક :**

બાલાસીનોર,

બાલાસિનોર તાલુકાનું એકમાત્ર વેરાસા ગામ આદિવાસીઓનું જેમાં કમલા વિદ્યામંદિર વેરાસા રાજય કક્ષાએ નામના મેળવેલ પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા કોરોના કાળ દરમિયાન સરકાર તરફથી મળતા અનાજ આદિવાસી ગરીબ બાળકો ને ન આપતા બજારમાં સગે વગે કરવામાં આવ્યું.

વેરાસાના પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા ફેબ્રુઆરી માસમાં લોકડાઉંન માં ગરીબ બાળકોને અપાતું અનાજ બારોબાર સગે વગે કરી બજારમાં વેચાયાનું વાલીઓ દ્વારા આક્ષેપ કરી રહ્યા છે. ત્યારે આ શાળામાં બાળકોના વાલીઓ અનાજ ન મળવાની ચર્ચા થતાં શાળાના આચાર્ય દ્વારા શાળાના અનાજ નિભાવની રજીસ્ટરમાં બાળકોની ખોટી સહી કરી બાળકોને અનાજ વિતરણ કરેલ છે. એવી ખોટી સહી પણ આ શિક્ષક દ્વારા કરવામાં આવી છે. તેવા આક્ષેપ પણ વાલીઓ અને બાળકો દ્વારા થઈ રહ્યા છે. આ બાબતે ઉપરથી તપાસ થાય તો અન્ય ગ્રાન્ટોનો પૂરેપૂરો ઉપયોગ થયો છે કે કેમ અન્ય કૌભાંડ પણ બહાર આવે તેવી શક્યતાઓ છે.

# મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની વઘાસ પ્રા. શાળાના એક ગુલ્લીબાજ શિક્ષક

વિરપુર,

વીરપુર તાલુકાની વઘાસ પ્રાથમિક શાળામોં ફરજ બજાવતા શિક્ષક પટેલ કિરીટભાઈ રામાભાઈ તેમના ઉપર સરકાર મહેરબાન હોય તેવું જણાય છે. સરકાર આવકના સ્ત્રોતને ઘ્યાને લઈ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મધ્યમવર્ગ BPL કાર્ડ ધારકોને સહાય આપવામાં આવે છે. જયારે આ શિક્ષક હસતા મોંઢે દરેક લાભ સ્વીકારી લેતા હોય છે. સસ્તા અનાજનો લાભ હોય વિધવા સહાયનો લાભ હોય, પીએમ કિશાનનો બે હજારનો હપ્તો હોય, એમના માટે કોઈ સહાય મેળવવી અઘરી નથી. કોના બાપની દિવાળી આ લોભી શિક્ષકને લાભેલાભ છતાં પણ ચાલુ શાળાએ આચાર્ય લક્ષ્મણસિંહ એ. ઝાલાને શિષ્યવૃત્તિના કામે જવાનું કહી યોગની તાલીમમાં હાજરી પુરી રફૂચક્કર તા.૨૨/૨/૨૩ અને ૨૩/૨/૨૩ નારોજ ટપલી દાવ આપીને બહાનાબાજી કરીને ઘરેલુ ઝગડાની દલીલો માટે મહીસાગર જિલ્લાના સ્વાગત કાર્યક્રમમાં આ સરકારી બાબૂ લટાર મારવા પહોંચી જાય તો નવાઈ નહિ, શિક્ષણક્ષેત્રે સરકાર દ્વારા મસમોટા દાવા કરવામો આવે છે, ભણશે ગુજરાત... જીતશે ગુજરાત, તો શિક્ષણક્ષેત્ર લાંછન લગાડતા, એકમાત્ર શિક્ષક ગરીબ નિસઃહાય કુટુંબોની સહાયનો હક્ક ઝુટવવામાં પણ કસર નથી છોડતા, જેથી શિક્ષકઆલમ માટે અયોગ્ય શર્મશાર ઘટનાના પગલે જાગૃત નાગરિક દ્વારા તાલુકા વિકાસ અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારી તેમજ મામલતદાર કચેરી વીરપુર ખાતે પણ લેખિત ફરિયાદ કરવામાં આવી છે, તેમ છતાં તપાસમો હોતી હૈ ચલતી હૈ જેવું ખોખલું વલણ દાખવવા બાદ ઉચ્ચકક્ષાએ મુખ્યમંત્રી ગાંધીનગર ખાતે પણ લેખિત અરજી કરવામાં આવી છે, છતાં કોઈ નક્કર પરિણામ મળેલ નથી. તો આવા શિક્ષક કિરીટભાઈ પર રિટ દાખલ થશે કે કેમ ? T.P.O નો ટેલિફોનિક સંપર્ક કરતા જણાવેલ કે, બી.આર. સી પાસેથી રિપોર્ટ મંગાવીને યોગ્ય તપાસ કરવામાં આવશે. યોગ્ય તપાસ થશે કે પછી લૂલો બચાવ કરી છાવરવામાં આવશે તે જોવું રહ્યું.

# મહિસાગર જિલ્લામાં SSC અને HSC પરીક્ષા-૨૦૨૩ પ્રતિબંધિત કૃત્યો ફરમાવતું જાહેરનામું

મહિસાગર,

આગામી તા.૧૪મી માર્ચથી મહિસાગર જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ધો.૧૦ અને ધો.૧૨ ગુજરાત શિક્ષણ બોર્ડની પરીક્ષા યોજાશે. જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શિતા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આગામી તા. ૧૪મી માર્ચથી તા.૨૯ માર્ચ, ૨૦૨૩ દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવાં પર પ્રતિબંધ છે. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય અનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે તેના સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જઈ શકશે નહીં. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેક્ટ્રોનીક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં અને પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક, લાઉડ સ્પીકર, ડી.જે.સાઉન્ડ વગાડવા પર આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાપાત્ર છે.

# મહિસાગર જિલ્લામાં ગ્રામસભાઓ અંતર્ગત જલ શપથ લેવાયા, જળનો જરૂરિયાત પુરતો ઉપયોગ અને બગાડ અટકાવવા શપથ



મહિસાગર,

ભારત સરકારના જલ શકિત મંત્રાલય દ્વારા ૦૪ માર્ચ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન સમગ્ર દેશમાં Source Sustainability for Drinking Water ની થીમ પર જલ શકિત અભિયાન Catch the rain 2023ની શરૂઆત થઈ રહી છે. તે અંતર્ગત તા.૦૪ ના રોજ સ્વચ્છ સુજળ શકિત સમન (૪એસ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેના ભાગરૂપે મહિસાગર જિલ્લાની તમામ ગ્રામપંચાયતોમાં જલ શપથ લેવડાવી વિશેષ ગ્રામસભાઓ ભરવામાં આવી.

જિલ્લાના વર્ગ ૧-૨ના તમામ કર્મચારીઓને ગામોની ફાળવણી કરી નોડલ અધિકારી તરીકે ગ્રામસભામાં ઉપસ્થિર રહી આદર્શ રીતે ગ્રામસભા યોજાય તથા ગ્રામસભાના ઉદ્દેશો સિદ્ધ થાય અને વધુ લોકભાગીદારીથી તેનું સરળતાપુર્વક સંચાલન થાય તે રીતે તેમની હાજરીમાં તમામ મુદ્દાઓની ચર્ચા કરાવવાની રહેશે.

ગ્રામસભા અંતર્ગત ભારત સરકારની ગાઈડલાઈન મુજબ જલ જીવન મિશન કાર્યક્રમ હેઠળ નળ જોડાણની કામગીરીની સમીક્ષાતથા બાકી રહેલા કામો ઝડપથી થાય તેવા પ્રયત્નો, જો કામગીરી સંપુર્ણ રીતે થયેલ હોય તો કમ્પ્લીશન સર્ટીફીકેટમાં સરપંચ, તલાટી કમ મંત્રી અને યુનિટ મેનેજર વાસ્મોના સહી સિક્કા કરી ગ્રામસભાની વિડીયો કલીપ સાથે ભારત સરકારની વેબસાઈટ પર અપલોડ કરવા, ૧૫માં નાણાપંચ હેઠળ થયેલા કામોનું સોશિયલ ઓડીટ કરાવવા લોકો સમક્ષ માહિતી રજુ કરવી, ઠરાવ પસાર કરવો, સુધારાત્મક સુચનો તથા ગ્રામસભામાં વધારેમાં વધારે લોકો આવે તેવી વ્યવસ્થા કરવાના પ્રયત્નો કરવા વગેરે કામગીરી કરવામાં આવી.

જિલ્લામાં તમામ ગ્રામસભાઓમાં લોકો તરફથી પણ સારો પ્રતિશાદ મળ્યો હતો. લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપરાંત ગ્રામજનોએ ઉપસ્થિત નોડલ અધિકારીઓને પોતાના પ્રશ્નો રજુ કરવાથી માંડી બાકી કામો માટે ખરડો પસાર કરવા માટેના કામમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

# દે.બારીયા શહેરનો દારૂનું ધુમ વેચાણ કોણ અને ક્યારે બંધ કરાવાશે ? પણ ખરાં ?

દે.બારીયા,

દે.બારીયા શહેરના ખોખા બજાર તથા ધર્મશાળા, રાણીવાવ, મોતીપુરા, નાયકાવાડા, પીટીસી કોલેજ પાછળ તથા મામલતદાર ઓફિસના પાછળના ૨૦૦ મીટરના વિસ્તારમાં ઠાકોરવાડા પાછળ, પાદરમાં દેશી દારૂના અડ્ડાઓ ઉપર હાલમાં હોળીના પર્વના કારણે દેશી દારૂની હાટડીઓ ખુલી છે.

મળતા સુત્રો અનુસાર દે.બારીયા શહેરમાં અનેક વિસ્તારો જે બદનામ છે. ત્યાંથી લેડીઝને પસાર થવા વિચાર કરવો પડે છે. દારૂડીયો મસ્તીમાં લવાતો તમને મળી જશે. આ અડ્ડાઓ જુના અને જાણીતા દારૂનું ધામ ચાલી રહ્યા છે. કોની રહેમનજરે ચાલે છે. તે યક્ષ પ્રશ્ન છે.

વેચનારાઓને અને પીનારાઓને કોઈ વાતની ડર નથી શું ? આ સ્થાનિક બાહોશ પોલીસની જાણ બહાર હશે તે વેધક સવાલ શહેરની આમ જનતા પૂછે છે. ખાસ કરી તેના લોહયા યુવાનો નશાની લતે લાગેલા છે. દેશના યુવાધનને કોઈ બચાવવા માટે આગળ આવશે ખરાં ? બુટલેગરો ખુલ્લો ચેલેન્જ કરી રહ્યા છે. અમને કોણ રોકી શકે છે. ઉપર સુધી અમારા હપ્તા ચાલે છે બતાવેલા અડ્ડાઓ ઉપર કેસ બતાવવા ખાતર દેખાવ પુરતી રેડો પાડવામાં આવતી હોય છે. બે-પાંચ લીટરીયા કારબા દેશી દારૂના લઈ પણ જવાય છે. આખા ટાઉનમાં વાયુવેગે રેડ પડી રેડ પડી વાડી ફેલાય પણ જાય છે. બીજા દિવસે દારૂડીયા દારૂ ઢીંચીને ત્યાંથી લથડતા લથડતા જતા ભટકાશે. તે દારૂના અડ્ડાઓ સક્રિય છે. આ મીલીભગત નથી તો શું ? છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, હાલમાં તાજો બનાવ છે સાગટાળા પોલીસની હદમાં બુટલેગરોએ પોલીસ ઉપર સામૂહિક હુમલો કરી નાશી છુટીયા હતા. તેમાં પોલીસ વાનને ખાસ્સો નુકશાન થવા પામ્યો હતો. જો બુટલેગરોને નાથવામાં નહિં આવે તો પોલીસ માટે માથાનો દુઃખાવો બનશે તો નવાઈ નહી.

શહેરમાં અનેક ઠેકાણે ઈંગ્લીશ કવાટરીયાની હોમ ડીલીવરી પહોંચાડાઈ રહી છે. તે કોના પ્રતાપે હોળીના પર્વને ધ્યાને લઈને દે.બારીયાનું બાહોશ પોલીસ તંત્ર આળશ ખંખેરશે ખરો અને ગેરકાનૂની રીતે દારૂનું વેચાણ કરતા તત્વોને રોકવાનો પ્રયત્ન કરશે ? ગાંધીના ગુજરાતમાં દારૂ બંધીનું અમલીકરણ થઈ રહ્યું છે. તે દેખવા મળશે ? તે આવનારો સમય બતાવશે કે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીના ગુજરાતમાં કડક દારૂબંધીનું અમલ થઈ રહ્યો છે. તે આપણી ગરવી ગુજરાતનું પર્વ ગણાશે.



**લુણાવાડા હોમેગાર્ડ યુનિટ માં ફરજ બજાવતા વણકર નારણભાઈ પરાગભાઈ નું અવસાન થયેલ હતું. તો તેમને હોમગાર્ડ વેલ્ફેર ફંડ માંથી રૂ.૧,૫૫,૦૦૦/- નો ચેક આજ રોજ તેમના પરીવારના સભ્યને આપવામાં આવ્યો હતો. મહિસાગર જિલ્લાના જિલ્લા કમાન્ડર ભૂમિરાજસિંહ સોલંકી ઓફિસર કમાન્ડિંગ ઈન્દ્રપાલસિંહ જાદવ તથા મગનભાઈ તથા અલ્પેશભાઈ તેમજ બીજા કર્મચારીઓ હસ્તક ચેક તેમના પરિવારને અર્પણ કરવામાં આવ્યો હતો.**

# શહેરા અણીયાદ ચોકડી વિસ્તારમાં વધતા પાકા દબાણો દુર કરવા જીલ્લા કલેકટર આદેશ આપે તેવી માંગ

શહેરા,

શહેરા નગરમાં અણીયાદ ચોકડી વિસ્તારમાં વધતા જતા પાકા દબાણો દૂર કરવા માટે શુભ મુહૂર્તની રાહ દેખી રહ્યા હોય તેવુ લાગી રહ્યું છે. જાહેર માર્ગ ને અડીને આવેલા પાકા દબાણો દૂર કરવામાં નહિ આવતા રસ્તાઓ ટૂંકા બનતા જવા સાથે દબાણો પણ વધતા જતા હોય ત્યારે જિલ્લા કલેક્ટર આવા દબાણો દૂર કરવા આદેશ કરે તે પણ જરૂરી છે.

શહેરા નગરમાં અણીયાદ ચોકડી વિસ્તારમાં દિન પ્રતિદિન વધતા જતા પાકા દબાણોને લઈને રસ્તાઓ ટૂંકા બનતા જાય છે. દુકાનદારો દ્વારા પાકા ઓટલાઓ સહિત અન્ય બાંધકામ કરીને દબાણ ઊભું કરવામાં આવવા છંતા આવા દબાણો દુર કરવામાં પાલિકાને કોઈ રસ નથી કે કોઈ મોટા માથાઓના આદેશના કારણે દૂર કરવામાં સબંધિત તંત્રના અધિકારો ખચકાઈ રહયા છે કે શું ? રસ્તાના અડીને જ નાના-મોટા પાકા દબાણો બાબતે પાલિકા સહિતનું સબંધિત તંત્ર જાણતું હોવા છતાં જોઈએ તેવી આ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં નહિ આવતા પાકા દબાણો દૂર થઈ શકતા નથી. એક તરફ આ વિસ્તારમાં દુકાનદારો દ્વારા રસ્તાને અડીને પાકા દબાણો કરવા સાથે બીજી તરફ લોકચર્ચા મુજબ આ સહિત અન્ય વિસ્તારમાં સરકારી જગ્યાઓમાં મોટું બાંધકામ કરી દેવામાં આવ્યું હોય ત્યારે જિલ્લા કલેકટર આ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને આવા પાકા દબાણો દૂર થાય તે માટે પાલિકા તંત્રને આદેશ કરે તે પણ જરૂરી લાગી રહયું છે. વધતા જતા અડચણરૂપ દબાણો બીજી તરફ ખાનગી વાહનો મુસાફરોને બેસાડવા માટે રસ્તાને અડીને ઉભા રહેતા હોય તેના કારણે ત્યાંથી પસાર થતા નાના મોટા વાહન ચાલકો હેરાન પરેશાન થતા હોય છે. સંબંધિત તંત્ર આ સામે મીઠી નજર રાખવાની જગ્યાએ કોઈ પણ મોટા માથાઓની સહેજ પણ શરમ રાખ્યા વગર કડક કાર્યવાહી કરે તેમ જાગૃત નાગરિકો પણ ઈચ્છી રહ્યા છે. જો પાલિકા તંત્ર દ્વારા હાથલારીમાં ધંધો કરતા નાના વેપારીઓ સામે કાર્યવાહી કરતા હોય ત્યારે જૂના અને નવા ઉભા થયેલા પાકા દબાણો દુર કરવાનું કેમ વિચારતા નથી, તેવી અનેક ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

મિથુન : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

કર્ક : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કન્યા : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

તુલા : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

વૃશ્ચિક : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે. તમે સાંજે ધાર્મિક સ્થળોએ જવાનું કાર્ય કરી શકો છો.

ધન : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

મકર : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો.

કુંભ : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મેળવશે અને તેઓ પહેલાથી હળવાશ અનુભવે છે.

મીન : તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

# હોળી પર્વે દાહોદ ધબક્યું : મેળા જામશે

- ચુલ, ચાડીયા, રાડ અને ગોળ ગધેડાના મેળા આકર્ષણ જમાવશે.
- ગરબાડામાં આજે ગલાલિયો હાટ, હિજરતીઓ વતન પરત ફર્યા.
- છટ્ઠી સુધીમાં વિવિધ સ્થળે પર (બાવન) મેળા ભરાશે.

દાહોદ,

દાહોદ શહેરમાં સૌથી મોટી ગણાતી ગાંધી ચોક વિસ્તારમાં પ્રગટાવાય છે. શહેરમાં સૌ પ્રથમ આ સ્થળે હોળી પ્રગટાવવાની વર્ષોની પરંપરા છે. આ હોળીને સરકારી હોળી પણ કહેવામાં આવતી હતી. અલય દરજીએ જણાવ્યું હતું કે અહીં છટ્ઠી તારીખે સોમવારે સાંજના ૭.૧૫ વાગ્યે હોળી પ્રગટાવવામાં આવશે. દર વર્ષે અહીં જુદા જુદા સમાજને આમંત્રણ આપવામાં આવે છે. ત્યારે આ વર્ષે પંચાલ સમાજ દ્વારા પુજા વિધિ સાથે હોળી પ્રાગટ્ય કરવામાં આવશે. અહીં હોળી પ્રાગટ્ય બાદ અન્ય આસપાસના વિસ્તારના શ્રદ્ધાળુ અહીંની હોળીની આગ લઈને દોડતા જઈ અને પોતાની હોળી પ્રગટાવશે. આ વર્ષો જુની પરંપરા છે.

દાહોદ જિલ્લામાં હોળી – ધુળેટીનો મેળા સાથે પ્રખ્યાત અને પારંપારિક એવા ચુલ, ચાડિયા અને ગોળ ગધેડાના મેળા ભરાનાર છે. ત્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બનેલી રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા સ્કીમ બનાવવામાં આવી છે. દરેક મેળા માટે અલાયદા પોલીસ બદોબસ્તની ફાળવણી કરવામાં આવી છે. આ મેળાઓ ટાંણે ખાસ પેટ્રોલીંગ કરાશે.

આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં પર્વનું વિશેષ મહત્વ હોવાને કારણે પર (બાવન) ગામોમાં મજુરી કરવા ગયેલી પ્રજા માદરે વતન પરત ફરી રહી છે. હોળીની ઉજવણીનો આરંભ અગિયારસથી થયો છે. પરંતુ જિલ્લાના વિવિધ ગામોમાં છટ્ઠી સુધી વિવિધ પ્રકારના પર(બાવન) મેળા ભરાશે. હોળીના પર્વ ટાણે દાહોદ જિલ્લાના ગામડાઓમા ચહલ–પહલ જોવા મળે છે. હોળીના પર્વે જિલ્લામાં ચુલ, ચાડિયા અને ગોળ ગધેડાના નામે પ્રખ્યાત આ મેળાઓ છટ્ઠુ સુધી ચાલશે. હોળી પુર્વે ભરાતા હાટોમાં મોટી સંખ્યામાં ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે. રવિવારના રોજ ગરબાડાના ગલાલિયો હાટમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી તેમજ ફરવા માટે ઉમટી પડ્યા હતા.

## : આદિવાસી વિસ્તારમાં હોળી પર્વે યોજાતા મેળાઓની વિશેષતા :

### : ગોળ ગધેડાનો મેળો :

ભુતકાળમાં આદિવાસી સમાજમાં સ્વયંવરના મેળા તરીકે લેખાતો આ મેળો યોજાય છે. ગરબાડાના જેસાવાડામાં, ઝાબુમાં, ઝાપટીયા, કતવારા, ગમલા અને નવાગામમાં આ મેળાઓ યોજાશે. જોકે, હવે આ પ્રથા બદલાઈ છે. થાંભલે બાંધેલી ગોળની પોટલી ઉતારવા હોડ જામે છે.

### : ચુલનો મેળો :

ધુળેટીના દિવસે અતિ પ્રચલિત ચુલનો મેળો ભરાય છે. લાંબી ચુલ ખોદી લાકડા સળગાવીને બળબળતા અંગારા ઉપર શ્રધ્ધાળુઓ ચાલે છે અને પોતાની માનતાઓ પુરી કરે છે. તેમજ ઠંડી ચુલમાં પણ ચાલવાનો રિવાજ જોવા મળે છે. લોકો શ્રધ્ધાથી ચુલ પર ખુલ્લા પગે ચાલે છે.

### : ચાડિયાનો મેળો :

ચાડિયાના મેળામાં ઝાડ ઉપર ગોળ, રૂપિયા અને નારિયેળની પોટલી બાંધવામાં આવે છે. નિઃસંતાન પુરૂષ હોય તેઓમાં આ પોટલી ઉતારવા હોડ લાગે છે. આ પોટલી ઉતારવામાં સફળ થનાર પુરૂષના ઘરે પારણું બંધાતુ હોવાની વર્ષોથી માન્યતા છે.

### : ચુલના મેળા ક્યાં અને ક્યારે યોજાશે :

ગરબાડા તાલુકાના જેસાવાડા, અભલોડ, નેલસુર, દાહોદ તાલુકાના રાણાપુર ખુર્દ, નગરાળા, ખરોદા, રોઝમ, નવાગામ, રાછરડા, ખંગેલા, લીલર, દુધિયા, બાંડીબાર, પીપેરો, કુણધા, ચીલાકોટા, અગાસવાણી, પીપોદરા, કાળીગામ, નળુ, ડુંગરપુર, ટીમરવામાં ચુલના મેળા સહિત પર(બાવન) સ્થળે મેળા ભરાશે.

# સંજેલી તાલુકામાં સમસ્યા ૧૪ સામે ૮ તલાટી : ૧ તલાટીના શિરે ૩ પંચાયતની જવાબદારી



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

- સંજેલી પ૬ ગામોમાં ૨૨ પંચાયતો છે.
- સંજેલી તાલુકાની ૯ ગ્રામ પંચાયતમાં વહેલી તકે ચૂંટણી યોજવામાં આવે તેવી પ્રજાની માંગ છે.
- સંજેલી તાલુકાની ચાર ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થતા વહીવટદાર નિમાયા.
- ડુંગરા મોલી કરંબા ભાણપુર ગ્રામ પંચાયતમાં સરપંચની મુદત પૂર્ણ થતા વહીવટદાર નિમાયા.

સંજેલી,

સંજેલી તાલુકાની ચાર ગ્રામ પંચાયતની મુદત પૂર્ણ થતા ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખો જાહેર ન થતા વહીવટદાર તરીકે તલાટી કમ મંત્રીની નિમણૂક કરવામાં આવી.

સંજેલી તાલુકાના પ૬ ગામોમાં ૨૨ ગ્રામ પંચાયતો આવેલી છે. વર્ષ ૨૦૨૧માં વાંસીયા ગ્રામ પંચાયત માંથી નવીન પાંચ ગ્રામ પંચાયતો વિભાજન કરવામાં આવી હતી. જે બાદ સંજેલી તાલુકાની ડુંગરા મોલી કરંબા ભાણપુર ગ્રામ પંચાયતના સરપંચની ૪ ૩ ૨૦૨૩ ના રોજ મુદત પૂર્ણ થતા ગ્રામ પંચાયતોની નવેસરથી રચના થાય અને પ્રથમ બેઠક મળે ત્યાં સુધી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૨૭૮ હેઠળ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીને વહીવટદાર તરીકે નિમણૂંક કરવા જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી દ્વારા હુકમ કરતા ગ્રામ પંચાયતોમાં વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ડુંગરા– એસ.એફ. મહિડા, મોલી– યુ.જે.બારીયા, કરંબા– એલ.કે.ચૌધરી, ભાણપુર– એમ.જી.બીલવાલ ગ્રામ પંચાયતોમાં વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. છેલ્લા દોઢ વર્ષ થી વાંસીયા ગ્રામ પંચાયતનું વિભાજન થયા બાદ આજ દિન સુધી ચૂંટણી યોજવામાં આવી નથી અને આ ટલે ચડેલી ચૂંટણીમાં ફરી સંજેલી ચાર પંચાયતોની પણ મુદત પૂર્ણ થતા હાલ સંજેલી તાલુકાની આ નવ ગ્રામ પંચાયતોમાં ચૂંટણીની તારીખોને લઈને ઉમેદ્વારોમાં કહી ખુશી કહી ગમનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતોની ૧૪ તલાટી કમ મંત્રીના મેહકમની સામે ૮ તલાટી કમ મંત્રીઓ છે. એક તલાટી કમ મંત્રીના સીરે ત્રણ ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીની જવાબદારી છે અને ફરી આ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી ન યોજતા તલાટી કમ મંત્રીના માથે વહીવટદાર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ગ્રામ પંચાયતની ટલ્લે ચડેલી આ ચૂંટણી વહેલી તકે ન યોજાય તો સંજેલી તાલુકાની પ્રજાને વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડશે. જેથી આ સંજેલી તાલુકાની નવ ગ્રામ પંચાયતોમાં વહેલી તકે ચૂંટણી યોજવામાં આવે તેવી પ્રજાની માંગ છે.

# રેલ્વે મુસાફરોને રાહત : રાજસ્થાન, યુપી અને બિહાર માટે ૧૧ સ્પેશિયલ ટ્રેનો દોડાવવા રેલવે તંત્રનો નિર્ણય

**અમદાવાદથી કરમાલી સુધી સ્પેશિયલ પણ દોડશે**

ટ્રેન નંબર ૦૯૪૧૨ અમદાવાદકરમાલી સ્પેશિયલ અમદાવાદથી મંગળવારે ૭મી માર્ચે સવારે ૦૯.૩૦ કલાકે ઉપડશે અને સુરત થઈને બીજા દિવસે ૦૪.૨૫ કલાકે કરમાલી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૧ કરમાલી-અમદાવાદ સ્પેશિયલ, ૮ માર્ચ, ૨૦૨૩, બુધવારના રોજ ૦૯.૨૦ કલાકે કરમાલીથી ઉપડશે અને બીજા દિવસે ૦૭.૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન વડોદરા, સુરત, વાપી, પાલઘર, વસઈ રોડ, સાવંતવાડી રોડ અને થીવીમ અને અન્ય સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે.

દાહોદ,

હોળીના તહેવાર પર ટ્રેનોમાં વધારાના મુસાફરોના ભારને ધ્યાનમાં રાખીને, રેલ્વે વિશેષ ટ્રેનો ચલાવશે અને હાલની ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરશે. હોળી પર ઘરે જવા માટે ટ્રેનોમાં ભારે ભીડ ઉમટી રહી છે. ટ્રેનોનું રિઝર્વેશન પૂર્ણ થઈ ગયું છે. ઘણી ટ્રેનોમાં અફસોસ ચાલી રહ્યો છે.

આવી સ્થિતિમાં, પશ્ચિમ રેલવેએ ગોવા, રાજસ્થાન, યુપી અને બિહાર માટે ૧૧ જોડી હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. તેનાથી ૨૫ હજાર મુસાફરોને રાહત મળશે. આ ટ્રેનોની કુલ ૪૦ ટ્રીપ દોડાવવામાં આવશે. બર્થ માટે લાંબી વેઈટિંગ લિસ્ટ ઘટાડવા માટે ૧૦ જોડી ટ્રેનોમાં વધારાના કોચ પણ લંબાવવામાં આવશે.

આજથી શરૂ થશે, ૨૬ માર્ચ સુધી ચાલશે, ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ–ભાવનગર ટર્મિનસ એક્સ માર્ચ ટ્રેન ૦૯૧૯૪ કરમાલી–સુરત એક્સપ્રેસ, ૧૨ અને ૧૯ માર્ચ ટ્રેન ૦૫૨૭૦ વલસાડ–મુઝફ્ફરપુર એક્સપ્રેસ, ૯ માર્ચ અને ૧૬ ટ્રેન ૦૫૨૬૯ મુઝફ્ફરપુર–વી., ૪ માર્ચ ટ્રેન નંબર ૦૯૦૯૩ મુંબઈ સેન્ટ્રલ–ભગત કી કોઠી, ૫ માર્ચ ટ્રેન નંબર ૦૯૦૯૪ ભગત કી કોઠી મુંબઈ સેન્ટ્રલ એક્સ. સમાવેશ કરવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૪૧૨ અમદાવાદ–કરમાલી એક્સ., ટ્રેન નંબર ૦૯૪૧૨ અમદાવાદ–કરમાલી એક્સ., ટ્રેન નંબર ૦૯૪૧૧ કરમાલી–અમદાવાદ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૦૯૪૧૧ કરમાલી–અમદાવાદ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૦૯૨૦૧ બાંદ્રા ટર્મિનસ–ભાવનગર ટર્મિનસ એક્સ. ટ્રેન નંબર ૦૯૨૦૧ બાંદ્રા ટર્મિનસ–ભાવનગર ટર્મિનસ એક્સ. ટ્રેન નંબર ૦૯૦૧૧ વલસાડ–માલદા ટાઉન સુપરફાસ્ટ ૧૩, ૨, ૯, ૧૬ અને ૨૩ માર્ચ ટ્રેન નંબર ૫, ૧૨, ૧૯ અને ૨૬ માર્ચ ટ્રેન ૦૯૦૧૨ માલદા ટાઉન એક્સ., ટ્રેન નંબર ૦૯૦૫૭ ઉધના–મેંગલુરૂ એક્સ., ૫ માર્ચે ૨ અને ૬ માર્ચે, ટ્રેન ૦૯૦૫૮ મેંગલુરૂ – ઉધના દોડશે.

# દાહોદ પાલિકા શોપીંગ સેન્ટર ૫૦૦ થી ૭૦૦ ટકા ભાડાનો વધારો કરમાં નાગરિક વિકાસ સમીતી દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

દાહોદ નગર પાલિકા દ્વારા નગર પાલિકાની શોપીંગ સેન્ટરની દુકાનોના ભાડાનો વધારો કર્યો જેનો વિરોધ સામાન્ય સભામાં એક જ કાઉન્સેલર દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આમ, તો અંદરો અંદર તમામ કાઉન્સેલરનો વિરોધ છે, પણ બહાર આવ્યા નથી.કારણ કે, થોડા સમય પછી ચેરમેનની વરણી કરવામાં આવશે અને તે નવી વરણીમાં નામ કપાય નહિ તેવા ડર થી બીજા કાઉન્સેલર બહાર આવ્યા નથી. હાલ બીજેપીમાં મલાઈદાર ખાતા મળે તેના લોભમાં કોઈ પણ કાઉન્સલર બહાર આવ્યા નથી.

દાહોદ,

દાહોદ નગર પાલિકા દ્વારા નગર પાલિકાની માલિકીના શોપીંગ સેન્ટરમાં ૫૦૦થી ૭૦૦ ટકા કમરતોડ ભાડા વધારો સામાન્ય સભામાં બહુમતીથી કરી ભાડુતી–દુકાનદારો સાથે અન્ય કરેલ હોવા જેથી ભાડુ ઘટાડવા જરૂરી સુચના કરવા સંબંધે દાહોદ જિલ્લા નાગરિક વિકાસ સમિતિ, દાહોદ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા નાગરિક વિકાસલ સમિતિ, દાહોદ દ્વારા ગુજરાતના મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલને કરવામાં આવેલ લેખિત રજુઆતમાં જણાવ્યાં અનુસાર, તારીખ ૨૦મી માર્ચ ૨૦૨૩નારોજ પાલિકાની સામાન્ય સભામાં પાલિકાની માલિકીના શોપીંગ સેન્ટરમાં આવેલ પાલિકાની દુકાનોના ભાડાથી રૂા. ૫૦થી ૬૦ લાખ માતબર આવક થાય છે. ત્યારે બીજી તરફ પાલિકાએ દુકાનોનું ભાડુ એક સમાન રૂા. ૧૦ સ્કેર મુજબ વસુલવાનો ઠરાવ કરવામાં આવેલ છે, અમે ૫૦૦ સ્કેર ફુટની વધારે આવેલ દુકાનનું ભાડુ સ્કેર ફુટ દીઠ રૂા. ૧૫ કરી કમર તોડ વધારો કરી વેપારી વર્ગમાં આક્રોશ ફેલાવામાં આવ્યો છે. આવો કમરતોડ ભાવ વધારાના કારણે વેપારીઓના રોજગાર તેમજ હાલ મંદીના કારણે ધંધા રોજગાર પુરતા ન હોવાથી પરિવારનું ગુજરાત અતિ મુશ્કેલ ચાલતું હોય તેવા સંજોગોમાં જંગી ભાડા વધારો કરવો વેપારીઓ (દુકાનદારો) સાથે અન્યાય થાય છે. જે અંગે દાહોદ નગર પાલિકાને સુચન તેમજ ભલામણ કરવા સુચનો આપવામાં આવે તેવી મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

# આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કુલનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ અનાજમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર એન્ડ પંડ્યા હાઈસ્કુલ અને એસ.એમ કુંડાવાલા હાયર સેકન્ડરી સ્કુલ દાહોદ નો વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ મુખ્ય મહેમાન ડો રાજ પટેલ જોઈન્ટ ડાયરેક્ટર નવજીવન વિદ્યા સંકુલ તેમજ અતિથિ વિશેષ પારસ જૈન, એસ.ડી.બામણ અને મંજુલાબેન ડામોરની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો શાળાના ઈન્ચાર્જ આચાર્ય આર.એસ. પટેલ અન્ય મહેમાન તેમજ વાલી મિત્રો હાજર રહ્યા હતા. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨– ૨૩ દરમિયાન શાળાની અભ્યાસ ઉપરાંત સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં બાળકો દ્વારા મેળવેલી સિદ્ધિઓને શિલ્ડ, ટ્રોફી કવર અને સર્ટિફિકેટ દ્વારા બિરદાવામાં અને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. તેમજ સર્વતોમુખી પ્રતિભા એવોર્ડ આપવામાં આવ્યો હતો. સમગ્ર વર્ષ દરમિયાન પ્રવૃત્તિનો અહેવાલ વાંચન ગાયત્રીબેન સુથાર તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમલ પ્રિયદર્શી અને કમલેશ લીમ્બાચીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ એસ.આર. ગામીત દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર સ્ટાફ મિત્રોની મદદથી સફળતાપૂર્વક કાર્યક્રમ કરવામાં આવ્યો.

# દાહોદના દશાલા ગામની સગીરાનું અપહરણ કરી દુષ્કમ આચરતા સીમલીયા ખુર્દના ઈસમ સામે ફરિયાદ

દાહોદ,

પાંચેક દિવસઅગાઉ મો.સાયકલ લઈને આવેલા સીમલીયાખુર્દ ગામના યુવાને દાહોદ તાલુકાના દશલા ગામની સગીરાનું બળજબરી પુર્વક મો.સાયકલ પર બેસાડી અપહરણ કરી દશલા ગામના વિશ્રામીયા ફળિયામાં ચલઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ એકથી વધુ દુષ્કર્મ આચાર્યનું જાણવા મળ્યું છે.


દાહોદ તાલુકાના સીમલીયા ખુર્દ ગામનો જીતમલભાઈ તોફાનભાઈ અમલીયાર ગત તા. ૨૫.૨.૨૦૨૩ ના રોજ સવારે સાડા દશ વાગ્યાના સુમારે દાહોદ તાલુકાનાં દશલા ગામે વિશ્રામીયા ફળિયામાં પોતાની મો.સાયકલ લઈ આવ્યો હતો અને ઘરેથી શાળાએ જઈ રહેલી દશલા ગામનાા વિશ્રામીયા ફળિયામાં રહેતી ૧૪ વર્ષીય સગીરાનું બળજબરીપુર્વક મો.સાયકલ પર બેસાડી અપહરણ કરી લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ એકથી વધારે વાર દુષ્કર્મ આચર્યુ હતું અને તેણીને છોડીને જતો રહ્યો હતો. આ સંબંધે કીડનેપીંગ રેપ પીડીત સગીરાએ કતવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાત પોલીસે આ મામલે સીમલીયા ખુર્દ ગામના જીતમલભાઈ તોફાનભાઈ અમલીયાર વિરૂદ્ધ ઈપીકોક ૩૬૩,૩૬૬,૩૭૬,(૩) તથા પોક્સો એક્ટ કલમ ૪,૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દે.બારીયા નગરપા લિકામાં ચૂંટાયેલ સભ્યોનો સમય પાંચ વર્ષ પૂર્ણ થતાં વહીવટ મામલતદારને સોંપાયો

દાહોદ,

દેવગઢ બારીયા નગર પાલિકાની ચુંટાયેલી પાંખની મુદત તા.૨૬ ફેબ્રુઆરીનાં રોજ પૂર્ણ થતાં હવે દેવગઢ બારીયા નગર પાલિકાનો વહીવટદાર નિમાવવાની રાહ જોવાઈ રહી હતી. ત્યારે ગુજરાત રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણા કરી અંતે આ નિર્ણય લીધે જે આદેશ અનુસાર શુક્રવારે દેવગઢ બારીયા નગર પાલિકાનો વહીવટદારની નિમણુંક કરી દેવામાં આવી. છે. જેમાં દેવગઢ બારીયા પાલિકાના વહીવટદાર તરીકે મામલતદાર જી.કે. શાહ નાઓને વહીવટ સોંપ્યો.

# દાહોદના સાયકલીસ્ટે નવી દિલ્હી થી નેપાળ કાઠમંડુ સુધીની ૧૦૪૪ કિ.મી.યાત્રા ૬ દિવસમાં પુરી કરી




દાહોદ,

દાહોદ શહેરમાં રહેતાં એક સાયકલીસ્ટે નવી દિલ્હીથી નેપાળના કાઠમંડુ સુધીની ૧૦૪૪ કિલો મીટરની સાયકલ રાઈડ ૬ દિવસમાં સફળતા પુર્વક પાર કરી હતી. આ સાયકલ રાઈડ દરમ્યાન ડેપ્યુટી ઓફ નેપાળ દ્વારા સન્માનિત પણ કરવામાં આવ્યાં હતાં. આખા ભારત દેશમાં દાહોદના આ યુવક સાથે કુલ ૭ સાયકલ રાઈડર્સે આ સાયકલીંગમાં ભાગ લીધો હતો. આ સાયક્લ રાઈડનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને નેપાળ દેશ વચ્ચે મિત્રતતા વધારવા, હેલ્થ અને અવરેનેશ, ઝીરો ફુડ વેસ્ટેજના સંદેશો ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે આ ઠેર ઠેર આ સંદેશ ફેલાવવામાં આવ્યો હતો.

દાહોદ શહેરમાં રહેતાં અને સાયકલીંગનો શોખ ધરાવતાં આસીફભાઈ મલવાસી સાથે ભારત દેશના કુલ ૦૭ સાયકલીસ્ટ દ્વારા તારીખ ૨૦મી ફેબ્રુઆરીના રોજ સવારે નવી દિલ્હીથી નેપાળના કાઠમંડુ સુધીની ૧૦૪૪ કિલો મીટરની સાયકલ રાઈડ ૬ દિવસમાં સફળતાપુર્વક પાર કરી હતી. દાહોદના સાયકલ રાઈડ કરનાર આસીફભાઈ પાસેથી જાણવા મળ્યા અનુસાર, દિલ્હીથી રૂદ્રપુરથી બનબાસા (ભારત–નેપાળ બોર્ડર) થઈને ચીસાપાની, બરડિયા નેશનલ વાઈલ્ડ લાઈફ પાર્ક સુધીની રાઈડ શરૂ થઈ હતી. લહામી (બુધ્ધનું જન્મ સ્થળ)–બુટવાલ–નારાયણગઢ–ચુમસિંગતાર થઈને કાઠમંડુ સુધી પહોંચ્યાં હતાં. આ રાઈડ દરમ્યાન ૫ નદીઓ પાર કરી હતી. ભારતમાં યમુના, ગંગા અને ગોમતી અને નેપાળમાં કરમાલી અને નારાયણી નદીને પાર કરી આ સાયકલીંગ કરી હતી. રૂટ ખુબજ સુંદર અને રમણીયર હતો. જંગલો અને નેશનલ પાર્ક જ્યાં ખુબ ખુંખાર વાઘ અને અન્ય વાઈલ્ડ એનિમલ હોય ત્યાંથી પસાર થઈ અને સાયકલીંગ રાઈડ કરી હતી. જંગલ વિસ્તારમાંથી સાયકલીંગ દરમ્યાન સ્થાની મીલીટ્રીનો સારો સાથ સહકાર રહ્યો હોવાનું આસીફભાઈ જણાવ્યું હતું. સાયકલીંગ દરમ્યાન ટેરીન ખુબજ અઘરી હતી અને રસ્તાઓ ખરાબ અને ખતરનાક હતા જેને કારણ દરરોજ નવા પડકારોનો સામનો કરવો પડતો હતો. ભારત તેમજ નેપાળમાં વિવિધ સ્થળોએ સાયકલીંગ ક્લબો દ્વારા, સ્થાનીક લોકો દ્વારા, બાળકો, મહિલાઓ અને સ્થાનીક નેતાઓ દ્વારા સાયકલ રાઈડર્સોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નેપાળના ડેપ્યુટી ઓફ નેપાળ ઈન્દિરા રાણામગર (નેપાળના પ્રતિનિધિ, નેપાળના ગૃહના ઉપાધ્યક્ષ) તરફથી સાયકલ રાઈડર્સોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રાઈડનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને નેપાળ દેશ વચ્ચે મિત્રતા વધારવા, હેલ્થ અને અવરેને, ઝીરો ફુડ વેસ્ટેજના સંદેશા સાથે આ સાયકલ રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દાહોદ પેરોલ સ્કોર્ડ તથા બેંગ્લોર પોલીસ વોન્ટેડ બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લા પેરોલ ફ્લોર સ્કોર્ડ તથા બેંગ્લોર શહેરની ટીમે અલગ અલગ ગુન્હાઓમાં નાસતા ફરતાં તેમજ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલ મારામારીનો બનાવ, ગેરકાયદેસર મંડળીના ૨ ગુન્હાઓમાં, બેંગ્લોર શહેરના સીમ્પીપેહલી, હેન્નુર પોલીસલ સ્ટેશન વિસ્તારના મળી ઘરફોડ ચોરીના ૨ ગુન્હાઓમાં, આંધ્રપ્રદેશ રાજ્યના વિજયવાડા શહેરના સેકન્ડ ટાઉન પોલીસ સ્ટેશન, ઈબ્રાહીપટ્ટમ પોલીસ સ્ટેશન મળી ઘરફોડ ચોરીના ૨ ગુન્હાઓ એમ કુલ ૬ ગુન્હાઓમાં નાસતા ફરતાં, વોન્ટેડ આંતર બેંગ્લોર શહેરના ઘરફોડ ચોરીના ૨ ગુન્હાઓમાં નાસતા ફરતાં, વોન્ટેડ આંચર રાજ્ય ઘરફોડ ચોરીના ચડ્ડી ગેંગના અન્ય આરોપીને વ્યહાત્મક આયોજન કરી દાહોદ જિલ્લા પેરોલ ફલો સ્કોર્ડ તથા બેંગ્લોર શહેર સીમ્પીગેહલી પોલીસે નાસતા ફરતાં તેમજ વોન્ટેડ આરોપી સુરેશભાઈ કલજીભાઈ મેડા (રહે. હુલબાર, તા. ગરબાડા, જિ.દાહોદ), લાલાભાઈ છગનભાઈ ભાભોર (રહે. રામડુંગરા ફળિયુ, પાંદડી, તા. ગરબાડા, જિ.દાહોદ)ને ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે.



ટીબી મુક્ત ભારત-૨૦૨૫ અંતગર્ત પ્રા.આ.કે.બોરવાણી ખાતે પેશન્ટ પ્રોવાઈડર મીટીંગ રાખવામાં આવેલ. તેમાં ૩૩ ટીબી દર્દી તેમજ ૧૮ ડોટ્સ પ્રોવાઈડર હાજર રહેલ હતા. તેમજ મેડિકલ ઓફિસર દ્વારા તેમજ મપહેસુ. CHO. RBSK MO. દ્વારા ટીબી કાર્યક્રમ વિશે ઉંડાણ પૂર્વક માહિતિ આપી. તેમજ ખાસ ડોટસ પર માર્ગદર્શન આપવામાં આવ્યું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.165

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલના પ્રહલાદ કેહવાતા સોમાભાઈને સમાજ માટે પ્રેરણદાયી સંઘર્ષ ગાથા

હોળી નો તહેવાર રાક્ષસ હિરણ્યકશિપુ અને તેના પુત્ર પ્રહ્લાદની પ્રચલિત કથા અનુસાર અનેક વિકટ પરિસ્થિતિમાં પોતાની ભકિતમાં હિમાલની જેમ અડગ ઉભા રહેલા ભક્ત પ્રહલાદની આસુરી શક્તિ અને વિપરીત પરિસ્થિતિ ઓ પર જીત ની ખુશી ના પ્રતીક રૂપે મનાવવા માં આવે છે.ત્યારે ભક્ત પ્રહલાદની જેમ જ પંચમહાલના પ્રહલાદ કહેવાતા સોમાભાઈ એ પણ ગૌ સેવાના ભગીરથ કાર્ય થકી પોતાની અનેક વિકટ પરિસ્થિતિઓમાં પણ મક્કમ રહીને આજે સફળતાના શિખરો સર કર્યા છે. સમાજને પ્રેરણા પુરી પાડતા પંચમહાલના પ્રહલાદની આખરે શું છે. પ્રેરણાદાયી સંઘર્ષની કથા જુઓ આ ખાસ અહેવાલમાં...!

સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિના જીવનમાં પડતીની શરૂઆત થાય છે. ત્યારે તે હતાશ થઈ નાસીપાસ થઈ જતા હોય છે અને આવી પરિસ્થિતિમાં જીવન ટૂંકાવી નાખવા સુધીનું પગલું ભરી લેતા ખચકાતા નથી, ત્યારે આજે અમે આપને બતાવવા જઈ રહ્યા છીએ સમાજ અને ખાસ આજના યુવાનો માટે પ્રેરણાદાયી જીવનની સંઘર્ષ કથા ! આ વાત છે પંચમહાલના અતિ અંતરિયાળ અને આદિવાસી વિસ્તાર એવા ઘોઘંબા તાલુકાના બાકરોલ ગામમાં રામ ગૌ શાળા ચલાવતા સોમાભાઈ અને તેમના પરિવારની છે. સોમાભાઈના સંઘર્ષની શરૂઆત જ ગૌ સેવાના ભગીરથ કાર્ય થી થાય છે. કતલ ખાને લઈ જવાતી ગાયોને બચાવ્યા બાદ પોલીસ અને ગૌ રક્ષકો તે ગાયોને સોમાભાઈની ગૌ શાળામાં મૂકી જતા હતાં. આ એવી ગાયો હતી. જે ખૂબ જ અશક્ત અને દૂધ ન આપી શકે. આવી



ગાયો થકી સોમાભાઈ ને દૂધ, ઘી વેચીને આવક થાય એવુ કઈ હતું જ નહીં ઉપરથી આવી ગાયોનો ઘાસચારો અને બીમારીમાં દવા એ સૌથી મોટો પ્રશ્ન બની ગયો. સોમાભાઈ એ આવી બિનઉપાર્જન ગૌ વંશની સેવા માટે પોતાનું ઘર, જમીન, પત્નીના દાગીના ગીરવે મૂકી દીધા હતાં. એટલે સુધી કે પોતાના પુત્રને પણ અભ્યાસ બંધ કરાવી પરિવાર અને ગૌ વંશનું પોષણ કરવા મજૂરી એ મોકલવો પડ્યો. એક તરફ પોતાનું તો પૂરૂં થઈ નહોતું રહેતું ત્યાં ગાયોની સંખ્યા સતત વધતી રહેતી હતી.

જેમ પ્રહલાદની ભક્તિ ફળી હતી અને હોલિકા વરદાન પ્રાપ્ત હોવા છતાં અગનજવાળાઓમાં ભસ્મીભૂત થઈ હતી અને પ્રહલાદને ઉની આંચ પણ નહોતી આવી, તેમ જ સંઘર્ષ અને વિકટ પરિસ્થિતિની આગમાં તપતા અને બળતા સોમાભાઈ અને તેમના



પરિવારના વ્હારે ગૌ માતા જ આવ્યા તેમ કહીએ તો અતિશયોક્તિ નથી. ખુદ સોમાભાઈ પણ જણાવે છે અતિ વિકટ આર્થિક પરિસ્થિતિમાં ફસાયા બાદ જાણે ગૌ માતા એ સંકેત કર્યો હોય તેમ પોતાની ગૌ શાળામાં રહેલી ગાયાના છાણ માંથી વૈદિક હોળી માટે વપરાતી ગૌ કાષ્ટ બનાવવાની શરૂઆત કરી. શરૂઆતમાં ઓછા જથ્થામાં ગૌ કાષ્ટ બનાવી વેચાણ કરતા થોડી ઘણી આવક થઈ અને ભુખે મરતી ગાયો અને પોતાના પરિવારને બે ટંક ભોજન મળી રહે તેવી આવક થઈ. બસ આજ ગૌ વંશના છાણ માંથી સોમાભાઈ વિવિધ ઉત્પાદનો કરતા ગયા અને વેચાણમાં વૃદ્ધિ થતી ગઈ. સોમાભાઈની ગૌ શાળામાં બનેલ ગૌ સ્ટીકની હોળી નિમિતે જબરદસ્ત માંગ છે અને હાલ તેઓ આ ગૌ સ્ટીકનું સમગ્ર મધ્ય ગુજરાતમાં વેચાણ કરી રહ્યા છે. તેમનું કહેવુ છે, ગૌ કાષ્ટથી હોલિકા દહન કરીએ તો પ્રકૃતિ અને પર્યાવરણનું જતન થાય છે. વૃક્ષો કપાતા અટકે છે સાથે ગાયના છાણ માંથી બનેલ ગૌ કાષ્ટ થી હવામાં ઓક્સિજનની માત્રા પણ વધે છે.

આજકાલ વૈદિક હોળીનો શહેરી વિસ્તારોમાં ભારે ટ્રેન્ડ જોવા મળે છે. ત્યારે વૈદિક હોળી માટે વપરાતા ગૌ કાષ્ટ એટલે કે ગાયના છાણ માંથી બનાવેલ લાકડીઓ મધ્ય ગુજરાતમાં સૌથી વધુ સોમાભાઈની ગૌ શાળા માંથી જ વેચાણ થાય છે. આજે ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, ગોધરા, દાહોદ, આણંદ, નડિયાદ, લુણાવાડા સહિત મધ્ય ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વૈદિક હોળી માટે સોમાભાઈની ગૌ શાળાના જ ગૌ કાષ્ટ ઉપયોગમાં લેવાય છે. સોમાભાઈની ગૌ શાળામાં બનેલ ગૌ સ્ટીકની હોળી નિમિતે જબરદસ્ત માંગ છે અને હાલ તેઓ આ ગૌ સ્ટીકનું સમગ્ર મધ્ય ગુજરાતમાં વેચાણ કરી રહ્યા છે. જેની સારી આવક થકી સોમાભાઈની આર્થિક સ્થિતિમાં ખૂબ જ મોટું પરિવર્તન આવ્યું.એક સમયે એક ટંક ભોજનના જેમને વાંધા હતા. તે સોમાભાઈ આજે પોતાની ગૌ શાળામાં ૬૫ થી ૭૦ લોકોને રોજગારી પુરી પાડી રહ્યા છે. ખાસ વાત તો એ છે કે, સોમાભાઈને ત્યાં રોજગારી માટે આવતા લોકોમાં મહિલાઓ સૌથી વધુ છે.

ગૌ સેવાનો ભેખ ધારણ કરેલા સંઘર્ષ કરતા સોમાભાઈ હાલ એટલા આત્મનિર્ભર બન્યા છે કે હાલ પોતાની ગૌ શાળામાં ગાયના છાણ માંથી ગૌ સ્ટીક, છાણા, દીવડા, ગૌનાઈલ, ગૌમુત્ર, ફીનાઈલ, ગૌ અર્ક સહિત વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરી સારી આવક મેળવી રહ્યા છે. ત્યારે સમાજને ચોક્કસ થી સોમાભાઈના ઉદાહરણ થકી પ્રેરણા મળશે અને વિકટ પરિસ્થિતિમાં નાસીપાસ થવાને બદલે અડીખમ ઉભા રહી મહેનત અને સંઘર્ષ કરીશું તો જેમ પ્રહલાદની ભક્તિ ફળી હતી. તેમ સૌને સફળતા મળશે. તેવું પંચમહાલના પ્રહલાદ કહેવાતા સોમાભાઈનું કહેવું છે.

# પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર જીલ્લાના આદિવાસી રાઠવા સમાજનું મહાસંમેલન ઘોઘંબા ખાતે યોજયું

ઘોઘંબા,

પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી રાઠવા સમાજના રિવાજો એક સમાન રહે તે માટે ત્રણેય જિલ્લાના આગેવાનો મહિલાઓ અને આદિવાસી સમાજના સંતોનું એક મહાસંમેલન આજે તા.૫ માર્ચના રોજ ઘોઘંબા ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં આદિવાસી સમાજના તાલુકા પંચાયતના સભ્યો જિલ્લા પંચાયતના સભ્યો વિવિધ સંસ્થાઓના ચેરમેનો વગેરે આગેવાનોએ ચર્ચામાં ભાગ લઈ રાઠવા સમાજ માટેનું નવું બંધારણ બનાવી તેને સ્વીકૃતિ આપવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં આગેવાનો દ્વારા પોતાના વકતવ્યમાં જણાવવામાં આવ્યું હતું કે, આપના સમાજના અલગ અલગ સામાજિક વ્યવહારોને લઈને ગામ અને ફળિયામાં વેરભાવ ઉભા થાય છે તથા નાના-નાના પ્રશ્નોને લઈને સમાજના પંચ દ્વારા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

નિકાલ લાવવાને બદલે પોલીસમાં ફરિયાદ આપી વેર વધારવામાં આવે છે. આ બંદીને નાબૂદ કરવા માટે આજે સમાજના આગેવાનો ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે. આ ઉપરાંત આપના સમાજમાં વ્યસનનો બહુ મોટો વિસ્તાર છે. વ્યસન નાબૂદી માટે પણ આપને પ્રયાસો હાથ ધરી આપના સમાજના લોકોના આરોગ્યને બચાવવાના પ્રયાસો હાથ ધરવાના છે. આ બધા માટે સમાજના આગેવાનો સાધુ-સંતો, ભાઈઓ અને બહેનો દ્વારા રજૂ કરવામાં આવતા તેઓના વિચારોને સમજીને વ્યસન નાબૂદી માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે તથા આપના સમાજના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટેના પ્રયાસો આપ બધાએ હૃદય પૂર્વક હાથ ધરવા પડશે. આપણા બધાના સહિયારા પ્રયાસો અને માર્ગદર્શનથી સમાજના રીતે-રિવાજો તથા વ્યવહારોને સીમિત કરવા તથા તે અંગેનું નવું બંધારણ નક્કી કરી તેની નકલો આજે જ વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. આપણો સમાજ પણ સમગ્ર દુનિયા સાથે કદમથી કદમ મિલાવી આગળ વધે તે માટેના સઘન પ્રયાસો આપણે બધાએ કરીને આપણા સમાજને ઉપર લાવવાના પ્રયાસો હાથ ધરવાના છે. આ પ્રસંગે અન્ય આગેવાનોએ પણ પોતાના વિચારો રજૂ કરી સમાજ માટે ઉપયોગ થાય તે માટેના પ્રયાસો હાથ ધરી સંમેલનને સફળ બનાવ્યું હતું. ૩ જિલ્લાના લોકો કે સમાજના માણસો એક જ જગ્યાએ ભેગા થાય અને સમાજ માટેનો વિચાર કરે એવો આ પ્રસંગ કદાચ આદિવાસી સમાજમાં પ્રથમ વખત બન્યો હશે અને તેના માટેના પ્રયાસો કરનાર આગેવાનોને રાઠવા સમાજ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# પંચમહાલ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમીટીની બેઠક સાંસદ રતનસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાઇ

ગોધરા,

પંચમહાલ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમીટીની બેઠક સાંસદ રતનસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ, કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, મોરવા ધારાસભ્ય નિમિષાબેન સુથાર તથા જિલ્લા કલેકટર સુજલ મયાત્રા અને જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયાની ઉપસ્થિતિમાં જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.



આ બેઠકમાં અધ્યક્ષ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, જિલ્લા ગ્રામ વિકાસ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં વર્ષ-૨૦૧૬-૨૦૨૨માં ૭૧૭૯૧ના લક્ષ્યાંક સામે ૬૬૨૨૦ આવાસો પૂર્ણ થયેલ છે.બાકી રહેલ ૫૫૭૧ આવાસો સામે પાયા ભરવાની કામગીરમાં ૧૨૧૬ આવાસો, પ્લીન્થ પર ૩૭૮૬ આવાસો,લિન્ટલ પર ૫૨૬ આવાસો અને રૂફ પર-૪૩ આવાસો છે. તેમજ રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળ ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી ૪૨૯૪૭ લાભાર્થીઓને સહાય,નિરાધાર વૃધ્ધ સહાય યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી ૬૧૦૮ લાભાર્થીઓને સહાય, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનામાં ૨૭૪૨ લાભાર્થીઓને બેન્ક મારફત સહાય, ઈન્દીરાગાંધી ડીસ એબીલીટી પેન્સન સ્કીમમાં ૧૮૦૫ લાભાર્થીઓને સહાય તેમજ મનરેગા યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સ્વચ્છ ભારત મિશન, આત્મા યોજના, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, PMJAY યોજના, શિક્ષણ, આરોગ્ય, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્રે કલ્યાણ યોજના, સંકલીત બાળ વિકાસ યોજના, રોજગાર અને કૌશલ્ય વર્ધન યોજના તેમજ નાગરીકોને સ્પર્શતી યોજનાઓ હેઠળ થયેલા કામોની વિસ્તૃત ચર્ચા વિચારણા તેમજ સમીક્ષા કરી જરૂરી સલાહ સુચનો અને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા હાકલ કરી હતી.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર એમ.ડી.ચુડાસમા અને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમીટીના સભ્યઓ તેમજ સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા પાલિકા વિસ્તારના ભુરાવાવ નવિન ટાઉન હોલ અને હોળી ચકલા તળાવ ખાતે ટોયલેટ બ્લોકના રૂા.૫.૬૫ કરોડના કામો માટે એજન્સીને રસ નથી

## પાલિકા દ્વારા આ બે કામો માટે ૬ ટેન્ડર નોટીસ

ગોધરા,

ગોધરા નગર પાલિકા વિસ્તારમાં વિકાસના કામો માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ આવે છે પરંતુ પાલિકાના કરોડો રૂપીયાના કામો કરવા માટે એજન્સી નથી. આ વિકાસના કામોમાં ભુરાવાવ વિસ્તારમાં નવા ટાઉન હોલ રૂા.૫.૫૦ કરોડ તેમજ હોળી ચકલા પાસે તળાવ કિનારે ટોયલેટ બ્લોક મંજુર થયેલ છે. આ બન્ને રૂા. ૫.૬૫ કરોડના કામો માટે પાલિકા દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા પરંતુ આ વિકાસના કામો પૈકી ભુરાવાવ વિસ્તારમાં નવા ટાઉન હોલ અને હોળી ચકલા તળાવ કિનારે ટોયલેટ બ્લોકના કામો માટે કોઈ એજન્સીને રસ નહિ દાખવીને ટેન્ડર ભર્યા ન હતા.

ગોધરા પાલિકા દ્વારા ભુરાવાવ વિસ્તારમાં નવિન ગાઉન હોલ અને હોળી ચકલા તળાવ કિનારે ટોયલેટ બ્લોકના કામો માટે પાલિકા દ્વારા ૬ વખત ટેન્ડરો બહાર પડવાના પ્રયત્નો છતાં કોઈ એજન્સી આ કામો કરવા તૈયાર નથી. આ બન્ને કરોડો રૂપીયાના કામો માટે એજન્સીમાં ટેન્ડર ન ભરવા પાછળ પાલિકાની નીતિ તથા કેટલાક પાલિકા સભ્યો દ્વારા થતી અડચણ કારણભૂત છે. ગોધરા પાલિકા દ્વારા ભુરાવાવ વિસ્તારના નવિન ટાઉન હોલ તેમજ હોળી ચકલા તળાવ ખાતે ટોયલેટ બ્લોક માટે અત્યાર સુધી ૬ વખત પ્રયત્નો કરવામાં આવ્યા. ૬૦ હજારનું નુકશાન આ કામો માટે એજન્સી ટેન્ડર ભરવા રાજી થાય તેના માટે કરવામાં આવ્યો છે. ગોધરા પાલિકામાં કેટલાક લોકલ બની બેઠેલા કોન્ટાકટરો સી.સી.રોડ માટેનું ટેન્ડર બહાર પડે તે પહેલા ભરી દેતા હોય જ્યારે બીજી તરફ ડામર રોડના ૭ કરોડના કામો માટે પાલિકા તંત્રને આવા કામો કરતી એજન્સીઓને કામ કરવા મનામના કરવા પડે છે. આ બધા પાછળ પાલિકામાં વિકાસના કામોમાં ચાલતી ટકાવારી માટે હેરાનગતિ તેમજ કામો કર્યા બાદ આ કામોના બીલો મંજુર થવામાં થતા વિલંબ થી આવી એજન્સીઓ પાલિકાના કામો કરવાથી દુર ભાગી રહી હોવાનું જણાઈ રહ્યું છે.

# કાલોલના સમા પુલથી નર્મદા કેનાલ જવાના માર્ગ ઉપર હોન્ડાસીટી કાર માંથી ૩૯ હજારના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના સમા પુલથી સી.આર.ગેટ વચ્ચે નર્મદા કેનાલ રોડની બાજુમાં ઝાડીઓમાં હોન્ડાસીટી કાર માંથી ૩૯ હજારના ઈંગ્લીશ દારૂ, મોબાઈલ ફોન, રોક્ડ, કાર, મોટર સાયકલ મળી કુલ ૨,૬૫,૨૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને પોલીસે ઝડપી લીધા. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના સમા પુલ થી સી.આર.ગેટ વચ્ચે નર્મદા કેનાલ રોડની બાજુ આવેલ ઝાડી ઝાંખરામાં હોન્ડાસીટી કાર નં. ડીએલ.૧.સીએનએ.૩૮૯૯ માં ઈંગ્લીશ દારૂ ભરીને લાવ્યા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી કાર માંથી ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક કવાટર નંગ-૩૯૦ કિંમત ૩૯,૦૦૦/-રૂપીયાના જથ્થા સાથે અશ્વિન ઉર્ફે લાલો વિનુભાઈ પરમાર (ખંડોળી, કાલોલ), ધીરેન્દ્ર ઉર્ફે ધીરુભાઈ શૈલેન્દ્રસિંહ ચૌહાણ (રહે. મોકળ, કાલોલ)ને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી રોકડ ૬,૨૨૦/-રૂપીયા મોબાઈલ ફોન, મોટર સાયકલ મળી કુલ ૨,૬૫,૨૨૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જો લેવામાં આવ્યો હતો. પકડાયેલ બે ઈસમો સાથેનો ત્રીજા ઈસમ યુવરાજસિંહ નાશી છુટતા આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરાજે.જી. સ્કુલના વાર્ષીકોત્સવ ઉજવાયો જેમાં ક્રિષ્ના દરજી અને ગૃપે સુંદર ડાન્સ રજુ કર્યો.

# ઘોઘંબાના ભાણપુરા નવાગામ વચ્ચે બે બાઈકો વચ્ચે અકસ્માત થતાં બન્નેને ઈજાઓ



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ભાણપુરા અને નવાગામ વચ્ચે બે બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. જેમાં એક બાઈક સ્લીપ ખાઈ જતાં થયેલા અકસ્માતમાં બાઈક ચાલક અને અન્ય એક ઘવાયા હતા. બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘોઘંબાના આદિવાસી વિસ્તારમાં હોળી દરમ્યાન અકસ્માતોના પ્રમાણમાં વધારો થવો એ સામાન્ય વાત છે. આદિવાસીઓનો મુખ્ય તહેવાર હોવાથી લગભગ ગામડાઓના લોકો હોળીના તહેવારનો ઉત્સવ ઉજવવાના ઉત્સાહમાં ફરતા હોય છે, એટલે નાના મોટા અકસ્માતો સર્જાતા હોય છે. આજે બપોરે ઘોઘંબા તરફ જઈ રહેલી બે બાઈકો રેસમાં લાગી હોય તેમ જતા બંને બાઈક વચ્ચે સામાન્ય ટક્કર થઈ જતા પાછળ ચલાવી રહેલા બાઈક ચાલકનો બાઈક ઉપર કાબુ ન રહેતા બાઈક રોડ ઉપર ઘસડાઈ હતી.

રોડ ઉપર બાઈક પટકાતા ચાલક અને સવાર બંનેને ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રોડ ઉપર અકસ્માતને પગલે લોકો એકઠાં થઈ ગયા હતા. અકસ્માત જોનારાઓએ જણાવ્યું હતું કે, બંને બાઈકો એક તરફની દિશામાં જ જઈ રહી હતી અને પુરઝડપે હંકારીને જઈ રહ્યા હતા. જે બંને વચ્ચે ટક્કર થતા અકસ્માત થયો હતો.

# શહેરાના બોરીયા ગામે પાણી વગરના કુવામાં પડેલ નીલગાયને વન વિભાગે રેસ્કયુ કરી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બોરીયા ગામમાં પાણી વગરના ખાલી કૂવામાં બે નીલગાય અંદર પડી ગઈ હતી. વન વિભાગે રેસ્કયું કરીને ત્રણ કલાકની મહેનત બાદ બે નિલગાયનો જીવ બચી શક્યો હતો.

પંચમહાલના શહેરા તાલુકાના બોરીયા ગામમાં રહેતા પ્રતાપ તાવિયાડના માલિકીના ખેતરમાં આવેલ ખાલી કૂવામાં બે નીલગાય અંદર પડી ગઈ હતી. ત્યાંથી પસાર થતા ખેડૂતને કુવાની અંદર પડી ગયેલ બે નીલગાય જોવા મળતા તેઓએ શહેરા વન વિભાગ રેન્જના આર.એફ.ઓ. રોહિત પટેલને જાણ કરી હતી. આર.એફ.ઓ. રોહિત પટેલ એ આ બાબતને ગંભીરતાથી લઈને તાત્કાલીક રાઉન્ડ ફોરેસ્ટર કે.એસ.પટેલ, બીટગાર્ડ કે.ડી.ગઢવી, બી.ડી. ઝરવરિયા તેમજ બી.પી.દામા સહિતનો સ્ટાફ સ્થળ ખાતે મોકલી દેવામાં આવ્યો હતો. પાણી વગરના ખાલી કુવા માંથી નીલગાયને બહાર કાઢવા માટેની કામગીરી શરૂ કરેલ હતી. વન વિભાગના સ્ટાફ અને સ્થાનિક લોકોની મદદથી ભારે જહેમત બાદ બે નીલગાયને સુરક્ષિત કૂવા માંથી બહાર કાઢીને જંગલમાં છોડી મુકાઈ હતી. જોકે, આ નિલગાય જંગલ માંથી ફરતી ફરતી અહી આવી હોવાનું જાણવા મળ્યું હતું. વન વિભાગની ત્રણ કલાકની મહેનત બાદ બે નિલગાયનો જીવ બચી ગયો હોવાથી વન વિભાગની સારી કામગીરીને લોકો એ બિરદાવી હતી.



ગોધરામાં વડતાલ તાબાના સ્વામિનારાયણ મંદિરોમાં હોળી પર્વ નિમિત્તે ધાની-ચનાના અન્નકૂટના દર્શન

# ગોધરાના ખાતે આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રાકૃતિક કૃષિ પેદાશો સાથે કેસુડાના ફૂલોનું વેચાણ



ગોધરા,

પંચમહાલ જિલ્લા કલેક્ટર તેમજ ચેરમેન આત્મા અને જિલ્લા વિકાસ અધિકારી, પંચમહાલ ગોધરાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ વ્યવસાયનો વ્યાપ વધે અને જિલ્લા અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક કૃષિ તરફ વળે તેવા હેતુસર ખેતીવાડી અને આત્મા પ્રોજેક્ટનાં સહયોગથી જિલ્લા કલેક્ટર કચેરીનાં પ્રવેશદ્વાર ગોધરા ખાતે ગોધરા તાલુકાના કાશીપુરા ગામના છેલીયાભાઈ રાઠવાએ પ્રાકૃતિક કૃષિ પેદાશ હળદર સાથે કેસુડાના ફૂલોનું વેચાણ અર્થે સ્ટોલ ગોઠવેલ છે. ફાગણ આવ્યો મારે આંગણે એ કહેવત મુજબ કેસુડાના ફૂલો આર્યુવેદિક રીતે મહત્વનું સ્થાન ધરાવે છે. કારણ કે વિવિધ ચામડીના રોગોમાં સારી એવી રાહત આપી દર્દ મટાળે છે, તેમજ હોળી ધુળેટીના તહેવારોમાં આ કેસુડાના ફૂલો માંથી કલર બનાવવા માટે પણ મોટા પાયે ઉપયોગ થાય છે. જેનો હોળી ધુળેટીના તહેવારો સુધી પંચમહાલ જિલ્લાના પ્રજાજનોએ લાભ લઈ જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા સારૂં.

# પંચમહાલ જીલ્લામાં સિનીયર સીટીઝન બહેન ખેલાડીઓ માટે સ્પર્ધામાં ભાગ લેવા અંગે

ગોધરા,

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન મનાવવામા આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણીનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજીક ઉત્થાનમા મહિલાઓની ભૂમિકા અગત્યતાને ધ્યાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમ જ તેઓ કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે અને શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે વિવિધ રમતો નું આયોજન કરવામાં આવેલ છે. આજે મહિલાઓ, પુરૂષ સાથે ખભે ખભા મિલાવીને આગળ વધે વધી રહી છે. સ્ત્રી શક્તિનું સ્વરૂપ છે. ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ગુજરાત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ, G-20 અને વિશ્વ મહિલા દિવસ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત આયોજિત જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી(સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ) કનેલાવ ગોધરા, જી.પંચમહાલ દ્વારા જીલ્લા કક્ષા સિનીયર સીટીઝન (૬૦ વર્ષ થી ઉપર) બહેનોની (૧) એથ્લેટીક્સ (૨) યોગાસન (૩) ચેસ (૪) રસ્સાખેચ સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે. સદર સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓએ જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી (સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ) કનેલાવ, ગોધરા, જી.પંચમહાલ ખાતેથી સ્પર્ધાના ફોર્મ મેળવી તા.૧૪/૦૩/૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરી અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે. ભાગ લેનાર ખેલાડીઓના સ્પર્ધાની તા.૧૬/૦૩/૨૦૨૩ અને તા.૧૭/૦૩/૨૦૨૩ના રોજ સમય સવારે : ૦૮:૩૦ કલાકે કરવામાં આવશે. જેમાં સ્પર્ધાનું સ્થળ : જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી (સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ), કનેલાવ તળાવ પાસે, ગોધરા ખાતે રાખવામાં આવેલ છે.